દેશના અનેક ભાગોમાં ગરમી તો એવી પડી રહી છે કે વાત ન પૂછો. જો કે લૂના થપેડા અને અંગ દઝાડતી ગરમીથી હેરાન પરેશાન થતા લોકો માટે એક સારા સમાચાર પણ આવ્યા છે. ગૂડ ન્યૂઝ એ છે કે ચોમાસું ઘણું વહેલું આવી ગયું છે. ૨૨ મેના સુધી આંદમાન અને નિકોબાર ટાપુઓ સુધી પહોંચનારું દક્ષિણ પશ્ચિમ ચોમાસું ૧૬મી મેના રોજ જ ત્યાં પહોંચી ગયું. હવામાન વિભાગનું એવું અનુમાન છે કે તે ૨૬ મેના રોજ કેરળ પહોંચી શકે છે. સામાન્ય રીતે ૧ જૂન આસપાસ ચોમાસુ મેનલેન્ડમાં દસ્તક આપે છે અને રિમઝીમ વરસાદનો દોર શરૂ થાય છે. પરંતુ આ બધા વચ્ચે અરબ સાગરમાં એક એવી હલચલ થઈ રહી છે જે ચિંતાનો વિષય છે.

સ્કાયમેટ હવામાન એજન્સીના મહેશ પલાવતે જણાવ્યું કે અરબ સાગરમાં એક એન્ટી સાયક્લોન બનેલું છે. જ્યાં સુધી આ વિપરિત ચક્રવાતી હવાઓનું ક્ષેત્ર બનેલું રહેશે અને ઉત્તર પશ્ચિમ દિશાથી વાયરા અરબ સાગરમાં આવતા રહેશે ત્યાં સુધી ચોમાસું કેરળમાં દસ્તક દઈ શકશે નહીં.

હાલ પાકિસ્તાન અને પશ્ચિમી ઈરાન ઉપર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે. પવન હવે દિલ્હી, હરિયાણા, પશ્ચિમી યુપીમાં પશ્ચિમી દિશાથી આવવાનો શરૂ થઈ ગયો છે. આ પાકિસ્તાન તરફથી આવતો સૂકો પવન હોવાથી પૂર્વી યુપી અને બિહારમાં વરસાદની શક્યતા નથી.

હવામાન વિભાગે ૨૬મેના રોજ ચોમાસું કેરળ પહોંચે તેવી આગાહી કરી છે. જેમાં ચાર દિવસ વહેલા કે ચાર દિવસ વિલંબ થઈ શકે છે. પલાવતનું અનુમાન કહે છે કે તેમાં ચાર દિવસનો વિલંબ થશે. ચોમાસુ હાલ આંદમાન સાગર સુધી પહોંચી ચૂક્યું છે. સામાન્ય સ્થિતિમાં ૧ જૂનની આસપાસ કેરળ પહોંચે છે. ૫ જૂન સુધીમાં કર્ણાટક, ગોવા, અને પૂર્વોત્તર રાજ્ય કવર થાય છે. ૧૦ જૂન સુધી તે મુંબઈ, તેલંગણા, આંધ્ર પ્રદેશ અને સિક્કિમ સુધી પહોંચે છે. ૧૫ જૂન સુધી સાઉથ ગુજરાત, આખુ મહારાષ્ટ્ર, છત્તીસગઢ, ઓડિશા, પૂર્વી બિહારનો વિસ્તાર કવર કરે છે. આગળ ૮ જુલાઈ સુધીમાં ચોમાસું આખા ભારતને કવર કરે છે. એક્સપર્ટનું કહેવું છે કે આ વખતે જ્યારે મોનસુન કેરળ પહોંચશે ત્યારે તેના પ્રોગ્રેસના આધારે આગળ જાણી શકાશે.

---

## કોંગ્રેસના નેતા વી.સતીશને લીધા મુખ્યમંત્રી પદના શપથ

કેરલમ, તા.૧૮

કેરલમ વિધાનસભા ચૂંટણીમાં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF)ની કારમી હાર સાથે જ રાજ્યમાંથી ડાબેરી શાસનની વિદાય થઈ છે અને હવે યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF)એ રાજ્યની ૧૪૦ બેઠકોમાંથી ૧૦૨ બેઠકો પર ઐતિહાસિક જીત નોંધાવતા નવો રાજકીય અધ્યાય શરૂ થયો છે. આ ભવ્ય વિજય બાદ કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી.ડી. સતીશને આજે તિરુવનંતપુરમના સેન્ટ્રલ સ્ટેડિયમ ખાતે યોજાયેલા એક ઐતિહાસિક સમારોહમાં કેરલમના નવા મુખ્યમંત્રી તરીકે પદ અને ગુપ્તતાના શપથ લીધા છે. તેમની સાથે ૨૧ સભ્યોના નવા મંત્રીમંડળે પણ શપથ ગ્રહણ કર્યા છે, જેમાં અનુભવી અને યુવા ચહેરાઓનું અદ્ભુત સંતુલન રાખવામાં આવ્યું છે. આ શપથગ્રહણ સમારોહમાં રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત દેશભરના વિપક્ષી દિગ્ગજો ખાસ ઉપસ્થિત રહ્યા.

આ ઐતિહાસિક શપથગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રી વી.ડી. સતીશન ઉપરાંત ૨૦ મંત્રીઓ ધરાવતા પૂર્ણ કેબિનેટને પણ શપથ લેવડાવવામાં આવ્યા છે. આ ભવ્ય પ્રસંગના સાક્ષી બનવા માટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિતના દિગ્ગજ નેતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કોંગ્રેસના નેતૃત્વવાળા આ ગઠબંધને તાજેતરમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં સીપીઆઈ(એમ)ના નેતૃત્વવાળા લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (LDF)ને સત્તા પરથી હટાવીને પ્રચંડ બહુમતી મેળવી છે. ૧૪૦ સભ્યોની વિધાનસભા બેઠકો માટે ૯ એપ્રિલે મતદાન થયું હતું અને ૪ મેના રોજ જાહેર થયેલા પરિણામોમાં UDF ને ૧૦૨ બેઠકો પર ઐતિહાસિક જીત મળી હતી, જ્યારે LDF ને માત્ર ૩૫ બેઠકો અને ભાજપને ૩ બેઠકો મળી શકી હતી.

---

## ચીનમાં ૫.૨ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ, ૨ લોકોના મોત

બેઈજીંગ, તા.૧૮

ચીનના દક્ષિણ ભાગમાં આવેલા Guangxi સ્વાયત્ત પ્રદેશમાં સોમવારની વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. આ કુદરતી હોનારતમાં અત્યાર સુધીમાં ૨ લોકોના મોતના સમાચાર સામે આવ્યા છે. જ્યારે એક વ્યક્તિ હજુ પણ ગુમ છે. તીવ્ર આંચકાના કારણે લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો અને લોકો મોડી રાત્રે જ પોતાના ઘરો છોડીને રસ્તા પર દોડી આવ્યા હતા. ચીનની સરકારી સમાચાર એજન્સી શિન્હુઆ અને સરકારી ટીવી ચેનલ સીસીટીવીના અહેવાલો અનુસાર, સોમવારે રાત્રે ૧૨.૨૧ વાગ્યે ભૂકંપનો મોટો આંચકો આવ્યો હતો.

રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૫.૨ માપવામાં આવી છે. આ આંચકો લિઉઝોઉ શહેરના લિઉનાન જિલ્લામાં આવ્યો હતો, જેનું કેન્દ્રબિંદુ તાઈયાંગચુન નગર પાસે હોવાનું સામે આવ્યું છે. ભૂકંપનું કેન્દ્ર જમીનથી માત્ર ૮ કિલોમીટરની ઊંડાઈએ હતું. કેન્દ્રબિંદુ પૃથ્વીની સપાટીથી ઘણું નજીક હોવાને કારણે આંચકા અત્યંત તીવ્ર અને વિનાશક અનુભવાયા હતા. ભૂકંપ એટલો જોરદાર હતો કે પળવારમાં જ ૧૩ ઈમારતો ધરાશાયી થઈ ગઈ હતી. આ સિવાય અનેક ઘરો અને અન્ય રહેણાંક ઈમારતોને વ્યાપક નુકસાન પહોંચ્યું છે.

---


**AHMEDABAD MUNICIPAL CORPORATION**

**Water Operation (E. & M.)**

**Department**

**E-Tender Notice**

| Sr. No. | Description |
|---|---|
| 1 | Repairing work of different size Borewells for Sand Problem at South zone of AMC |

| | |
|---|---|
| Last Date & Time Of Online Submission | DATE : 08-06-2026 UP TO 18.00 HRS |
| Hard Copy Submission up to | DATE : 09-06-2024 UP TO 15.00 HRS |
| Date of Tech. Bid Opening | DATE : 09-06-2024 UP TO 16.00 HRS |
| Details and Tender Available on | www.tender.nprocure.com |


---

## NEET પેપર લીક કેસમાં M સરની CBI દ્વારા ધરપકડ

નવી દિલ્હી, તા.૧૮

M Sirના નામે જાણીતા અને RCC ક્લાસીસના ફાઉન્ડર શિવરાજ મોટેગાંવકર અત્યારે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના સકંજામાં આવ્યા છે. CBIની ટીમ છેલ્લા કેટલાક દિવસોથી તેમની સઘન પૂછપરછ કરી રહી છે. મેડિકલ અને એન્જિનિયરિંગની તૈયારી કરાવતા ક્ષેત્રમાં મોટેગાંવકર એક બહુ મોટું નામ છે.

શિવરાજ મોટેગાંવકરની સફળતાની કહાની કોઈ ફિલ્મી સ્ક્રિપ્ટ જેવી છે. લાતુરના એક સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા મોટેગાંવકરે પોતાના કરિયરની શરૂઆત ખાનગી ટ્યુશન્સ આપીને કરી હતી. તેઓ વિદ્યાર્થીઓને ભણાવવા માટે આખા લાતુર શહેરમાં સાયકલ લઈને ફરતા હતા. ૧૯૯૦ના દાયકાના અંતમાં, તેમણે એક નાનકડા ભાડાના રૂમમાં માત્ર ૧૦ વિદ્યાર્થીઓ સાથે કોચિંગ ક્લાસ શરૂ કર્યા હતા. સમય જતાં મોટેગાંવકરે મહારાષ્ટ્રના પ્રખ્યાત લાતુર પેટર્ન (જે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ટોપર્સ આપવા માટે જાણીતું છે)માં પોતાનો સિક્કો જમાવ્યો. આજે તેમની સંસ્થા ઈઝઝ ના મહારાષ્ટ્રના પ્રમુખ શહેરો જેવા કે લાતુર, પુણે, નાસિક, છત્રપતિ સંભાજીનગર, નાંદેડ, સોલાપુર અને કોલ્હાપુરમાં મલ્ટિપલ સેન્ટર્સ છે. એક અંદાજ મુજબ, દર વર્ષે અંદાજે ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ તેમના ક્લાસમાં એડમિશન લે છે. સોશિયલ મીડિયા પર પણ તેમનો દબદબો છે, જ્યાં ઈન્સ્ટાગ્રામ પર ૬૬ હજારથી વધુ ફોલોઅર્સ છે અને યુટ્યુબ, વોટ્સએપ તેમજ પ્લે સ્ટોર પર તેમની પોતાની ડિજિટલ એપ પણ કાર્યરત છે.

---

### પુણેની લેબમાં તૈયાર થશે દેશી કૂકિંગ ગેસ

## પેટ્રોલમાં ઈથેનોલની જેમ LPGમાં DME ઉમેરવાની તૈયારીઓ શરૂ

નવી દિલ્હી, તા.૧૮

દેશમાં દરરોજ કરોડો ઘરોમાં રસોઈ બનાવવા માટે LPG સિલિન્ડરનો ઉપયોગ થાય છે. પરંતુ, દેશની જનતા સુધી આ ગેસ સુચારૂ રૂપે પહોંચાડવા માટે ભારત મોટાપાયે વિદેશો પર નિર્ભર છે. આ દરમિયાન પુણેની CSIR-નેશનલ કેમિકલ લેબોરેટરીના વૈજ્ઞાનિકો એક એવી સ્વદેશી ટેક્નોલોજી પર કામ કરી રહ્યા છે, જે આગામી સમયમાં એલપીજીનો એક મોટો વિકલ્પ બની શકે છે. આ નવી ટેક્નોલોજીનું નામ છે ડાઈમેથાઈલ ઈથર (DME). આ ટેક્નોલોજીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેને ભારતમાં જ ઉપલબ્ધ સંસાધનો જેવા કે કોલસો, બાયોમાસ અને મિથેનોલમાંથી સરળતાથી તૈયાર કરી શકાય છે. જો આ ટેક્નોલોજી મોટા સ્તર પર સફળ થશે, તો ભારતની વિદેશી એલપીજી પરની નિર્ભરતા ઘણી ઓછી થઈ જશે. આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા વૈજ્ઞાનિક ડૉ. ટી. રાજાના જણાવ્યા અનુસાર, ડીએમઈ (DME) અને એલપીજીના ઉપયોગમાં ઘણી સમાનતા છે. તેને પ્રોપેન અને બ્યુટેન ગેસ સાથે સરળતાથી મિશ્ર કરી શકાય છે અને તેનો ઉપયોગ ઘરેલું ગેસ અથવા ઈન્ડસ્ટ્રિયલ ફ્યુઅલ (ઔદ્યોગિક બળતણ) તરીકે થઈ શકે છે. રાહતની વાત એ છે કે, શરૂઆતના તબક્કામાં ૨૦ ટકા ડીએમઈ અને ૮૦ ટકા એલપીજીના મિશ્રણનો ઉપયોગ કરવાની યોજના છે, જેના કારણે સામાન્ય લોકોને પોતાના વર્તમાન ગેસ ચૂલા કે સિલિન્ડર બદલવાની કોઈ જરૂર નહીં પડે.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે ડીએમઈનો ઉપયોગ માત્ર રસોડા પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ એલપીજીથી ચાલતી ઓટો રિક્ષામાં પણ ઈંધણ તરીકે આનો ઉપયોગ કરી શકાશે. એટલે કે, આ નવી ટેક્નોલોજી ઘરેલું ગેસથી લઈને ટ્રાન્સપોર્ટ સેક્ટર સુધી મોટો સકારાત્મક બદલાવ લાવી શકે છે.

આ સ્વદેશી ટેક્નોલોજી અપનાવવાથી ભારતને આશરે ૪.૦૪ અબજ ડૉલર એટલે કે અંદાજે ૩૪,૨૦૦ કરોડ રૂપિયાની ફોરેન કરન્સી બચાવવામાં મોટી મદદ મળી શકે છે.

---


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર વર્કશોપ**

**રૂફ માઉન્ટેડ પેકેજ યુનિટ્સનું સંપૂર્ણ ઓવરહોલિંગ/રિપેરીંગ**

**ઈ-ટેન્ડર નં. BVPW-2026-27-RMPU-03, કામનું નામઃ** ભાવનગર વર્કશોપ ખાતે કામના ક્ષેત્ર મુજબ ૧૨ મહિના માટે LHB પ્રકાર AC કોચીઝ ના RMPU ના કંટ્રોલ પેનલ્સ સહિત રૂફ માઉન્ટેડ પેકેજ યુનિટ્સ (RMPUs) નું સંપૂર્ણ ઓવરહોલિંગ/રિપેરીંગ કરવાનું કામ. **કામની અંદાજિત પડતરઃ** ₹ ૧,૩૬,૬૮,૫૩૨.૯૯/- **બીડ સિક્યુરીટીઃ** ₹ ૨,૭૩,૪૦૦/- **કામ પૂર્ણ કરવાનો સમય ગાળો :** LOA ઈશ્યુની તારીખ થી ૧૨ મહિના, **ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.૦૯-૦૬-૨૦૨૬ ના ૧૦:૩૦ કલાકે અને તા.૦૯-૦૬-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે, **વેબસાઈટ વિગતઃ** ટેન્ડર ફકત વેબસાઈટ https://www.ireps.gov.in પર ઈલેક્ટ્રોનિક્લી જમા કરવામાં આવશે. **જારીકર્તાઃ** ડેપ્યુ. ચીફ મીકેનિકલ એન્જીનીયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફીસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. ઈમેલઃ dycmews@bvp.railnet.gov.in

BVP-036

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly


---


## હિંમતનગર નગરપાલિકા

### જાહેરાત

અત્રેની કચેરી સંચાલિત મહેતાપુરા બગીચામાં ચિલ્ડ્રન પાર્કમાં આવતા બાળકોને મનોરંજન પૂરું પાડવા જરૂરિયાત મુજબના નવા રમત-ગમતના સાધનો માલ-સામાન, મજૂરી સાથે ફીટીંગ કરી આપવા સાથેના ભાવ આ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં નગરપાલિકા કચેરી બેઠા મોકલી આપવાના રહેશે. કવરના મથાળે ''રમત-ગમતના સાધનો''ના ભાવ તેમ સ્પષ્ટ લખવું. ભાવ સ્પીડ પોસ્ટથી ચીફ ઓફીસર હીંમતનગર નગરપાલિકા, ટાવર રોડ, જૂના સરકીટ હાઉસની બાજુમાં હિંમતનગર, જિ. સાબરકાંઠા, પીન નં. ૩૮૩૦૦૧ ને મળી રહે તે રીતે મોકલવાનું રહેશે. સમય મર્યાદ બહાર આવેલ ભાવો સ્વીકારવામાં આવશે નહીં. ભાવ તમામ ટેક્ષ સહિત નગરપાલિકા કચેરી બેઠાના આપવાના રહેશે.સદર કામગીરી માટે બગીચા વિભાગનો સંપર્ક કરવાનો રહેશે. આવેલ ભાવ મંજૂર / નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાની અબાધિત રહેશે.

| | |
|---|---|
| ઉપેન્દ્ર પી. ગઢવી | વિમલ ચૌધરી |
| ચીફ ઓફીસર, | વહીવટદાર |
| હિંમતનગર પાલિકા | હિંમતનગર પાલિકા |

પ્રભાત

# હોર્મુઝ સંકટથી વૈશ્વિક અર્થવ્યવસ્થા પર દબાણ વધ્યું

હોર્મુઝ સ્ટ્રેટની વર્તમાન સ્થિતિ વૈશ્વિક ઉર્જા આયાત શ્રૃંખલામાં સૌથી મોટો ગંભીર પડકાર થયો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં ચિનની યાત્રા દરમ્યાન શી જિનપિંગ સાથે બેઇજીંગ સાથે બેઇજીત શિખર સંમેલનમાં ઇરાન અને પશ્ચિમ એશિયા વચ્ચે જે યુદ્ધ ચાલી રહ્યું છે તેના વિશે ચર્ચા કરી હતી અને આ મુદ્દો મુખ્ય બાબત બન્યો હતો. આ બેઠક પછી ટ્રમ્પે જણાવ્યું હતું કે, ચીન અને અમેરિકા બન્ને દેશો આ વાત પર સહમત છે કે, વૈશ્વિક અર્થવ્યસ્થા માટે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્યું રહેવું જોઇએ. બીજી તરફ ચીનનું કહેવું છે કે, હોર્મુઝમાં મુદ્દાઓનું સમાધાન વોશિંગ્ટન અને તહેરાન વચ્ચે 'સ્થાયી અને વ્યાપક યુધ્ધવિરામ' પ્રાપ્ત કરવામાં મહત્વની બાબત છે.

હાલમાં જે સંકટ ઉભું થયું છે જે વોશિંગ્ટન અને તહેરાન વચ્ચે દાયકાઓ પૂર્વેના અવિશ્વાસથી ઉભું થયું છે. આ બાબત હવે એક સૈન્ય કાર્યવાહી રહી નથી. પરંતુ આ મુદ્દો હાઇબ્રિડ વોર ફેરનું જીવંત ઉદાહરણ છે જ્યાં ઉર્જાને રણનીતિનું હથિયાર બનાવવામાં આવ્યું છે અને તેનો આ રીતે ઉપયોગ થઇ રહ્યો છે. એપ્રિલ ૨૦૨૬માં જાહેર થયેલા યુધ્ધ વિરામ પછી બન્ને દેશો વચ્ચે રાજકિય વાટાઘાટોની પ્રગતી ઘણી ધીમી છે. વોશિંગ્ટિન અને તહેરાન વચ્ચે શાંતિ વાર્તાઓ થતી નથી તેનો મુખ્ય અવરોધ પરમાણું પ્રતિબંધો ફરી લાગુ થવા તથા જળમાર્ગ પર સૈન્ય ગોઠવવામાં આવતા આવા મુદ્દાઓ પર અટકી ગયું છે. આ સ્થિતિ માત્ર સ્થાનિક અસ્થિરતાને અડચણ રૂપ થતી પરંતુ વિકાસશીલ અને વિનિર્માણ મોડલને પણ ધ્વંસ કરે છે જેથી વિકાસશીલ અને વિકસિત બન્ને દેશોની અર્થવ્યવસ્થામાં ફુગાવાનું દબાણ વધી ગયું છે.

આ અનિશ્ચિતતા તથા યુધ્ધના ઉન્માદ વચ્ચે વડાપ્રધાને નાગરિકોને પેટ્રોલ અને ડિઝલના વપરાશ પર અંકુશ રાખવો, ખાદ્ય તેલનો ઉપયોગ મર્યાદિત રીતે કરવો, સોનુ નહીં ખરીદવું જેવી અપીલ કરી છે આ બાબત માત્ર રાષ્ટ્ર માટે ઉર્જાની બચત મામલે નથી પરંતુ આ મુદ્દો ગ્લોબલ સાઉથનો અવાજ છે જે મહાશક્તિઓને આ યુધ્ધની સ્થિતિમાં પોતાની પોતાની આર્થિક સ્થિરતા ડામાડોળ જોઇ રહી છે.

ઘરેલું સ્તરે વડાપ્રધાને જે ઇંધણની બચત કરવાનું નાગરિકોને જણાવ્યું છે તેમાં એક કડવી વાસ્તવિકતાનો સ્વીકાર કરવો જરૂરી છે કે આગામી સમય માત્ર સામરિક સંતુલનનો નથી પરંતુ રાષ્ટ્રીય આત્મસંયમ તથા સંસાધનોના સુક્ષ્મ પ્રબંધનો છે.

હોર્મુઝનો પ્રભાવ ભારતીય અર્થવ્યવસ્થા પર જોવા મળી રહ્યો છે. એપ્રિલમાં મોંઘવારીનો દર ૪૨ મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચી ગયો છે આથી સરકારે પેટ્રોલ અને ડિઝલના ભાવમાં વધારો કર્યો હતો.

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પના જણાવ્યા મુજબ ઇરાનની સાથે ૮ એપ્રિલના રોજથી લાદવામાં આવેલો યુધ્ધ વિરામ હવે વેન્ટિલેટર પર છે. હોર્મુઝમાં એક તરફ અમેરિકાની નૌસેના સેન્ટ્રલ કમાન્ડે જળમાર્ગની સુરક્ષા માટે 'ઓપરેશન સ્લેજ હૈમર' અંતર્ગત પોતાની હાજરી વધારી છે ત્યાં બીજી તરફ ઇરાનની ઇસ્મામિક રિવ્યોલ્યુશનરી ગાર્ડ કોટસે મિસાઇલ તથા સમુદ્રમાં માઇન્સના માધ્યમથી પોતાની પહોંચનું પ્રદર્શન કર્યું છે આ સૈન્યનો જમાવડો તથા સમગ્ર વિશ્વના અર્થતંત્રમાં અનિશ્ચિતતાનો દોર શરૂ થયો છે.

ઇરાન અને અમેરિકા વચ્ચે એપ્રિલથી ચાલી રહેલી શાંતિ વાર્તા એક ડેડ લોકની સ્થિતિમાં છે ઇરાન હોર્મુઝ સ્ટ્રેટને પોતાનું સ્થાનિક જળક્ષેત્ર માને છે અને ત્યા સુરક્ષા નિરિક્ષણનો અધિકાર માંગે છે.

આ બાબતથી વિપરીત અમેરિકા તથા તેના સહયોગી દેશો તેને યુનાઇટેડ નેશન કન્વેશન ઓન ધ લો ઓફ સી અંતર્ગત એક આંતરરાષ્ટ્રીય જળમાર્ગના સ્વરૂપમાં સુરક્ષિત રાખવા માગે છે ઇરાન પોતાના પરમાણું કાર્યક્રમોને લઇ વધુ સંવેદનશીલ છે જ્યારે અમેરિકા આ મામલા પર પીછેહઠ કરતું નથી.

ટ્રમ્પ આ યુધ્ધમાં તણાવ વધારવો તથા યુધ્ધ વિરામ કરવો એ બાબતમાં ફસાઇ ચૂક્યા છે, ટ્રમ્પની ચીન યાત્રા દરમ્યાન શિ જિનપીંગે યુદ્ધમાં તણાવ ઘટાડવા તથા યુધ્ધ વિરામ કરવો જોઇએ તે મુદ્દે સમર્થન આપ્યું હતું અને ટ્રમ્પ સાથે વાતચીત કરી હતી બેઇજિંગે ટ્રમ્પને સ્પષ્ટ કહ્યું હતું કે, તેઓ ક્ષેત્રીય સ્થિરતા પક્ષમાં છે. કારણ કે, તેમની ઉર્જા તથા સુરક્ષા બન્ને દાવ પર છે પરંતુ ચીન તહેરાનની સંપ્રજીતા તથા સરકારે નબળી પાડી ઉથલાવી દેવાની બાબત પર અમેરિકાને કોઇપણ સંજોગોમાં સાથ આપશે નહીં.

આથી યુદ્ધ ફરી શરૂ થાય તેવી શક્યતા વધી છે આ બાબતને અમેરિકાના નાગરિકો વખોડી રહ્યા છે તથા હવે જે ચૂંટણીઓ થશે તેમાં આ મુદ્દાની રિપબ્લીકન પાર્ટી પર ગંભીર અસર પડી શકે છે.

છતાં અમેરિકા આ સંઘર્ષમાંથી બહાર નિકળવા માટે તહેરાન સમક્ષ પરમાણું કાર્યક્રમ તથા હોર્મુઝમાં ઇરાનની ભૂમિકા જેવા મુદ્દાઓ પર પીછેહઠ કરવા માંગતું નથી. ઇરાને અગાઉથી સ્પષ્ટતા કરી છે કે, હોર્મુઝને જબરજસ્તીપૂર્વક ખોલવાના અમેરિકાનો પ્રયાસ જે પ્રોજેક્ટ ફ્રિડમ તરીકે ઓળખવાનો હતો તેને માત્ર ૫૦ કલાકમાં નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો.ઇરાન આ સંકટને વોશિંગ્ટનની સરખામણીમાં તેમાં વધુ પ્રભાવશાળી પુરવાર થયા છે તે રીતે નિહાળે છે. વડાપ્રધાને આ સંકટમાંથી બહાર આવવા માટે દેશના નાગરિકોને વિદેશી મુંદ્રા ભંડાર બચાવવાની અપીલ કરી છે.

## સાબરકાંઠા જિલ્લામાં હથિયાર બંધી

હિંમતનગર,તા.૧૮

સાબરકાંઠા જિલ્લામાં જુદા જુદા ખાનગી ઈનપુટ ધ્યાને લેતા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી રીતે જળવાય રહે તે માટે સાબરકાંઠા જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ તેમને મળેલ અધિકારની રૂએ એક જાહેરનામાં દ્વારા સાબરકાંઠા જિલ્લામાં આગામી તા. ૦૨/૦૬/૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં સબંધિત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી અને ગ્રામ્ય વિસ્તારમાં મામલતદારશ્રી અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રીની અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય શસ્ત્રો , દંડ, તલવાર, ભાલા, ધોકા, બંદુક, ચપ્પુ, લાકડી, લાઠી, તથા શારિરીક ઈજા પહોંચાડી શકે તેવા કોઈપણ પ્રકારના સાધનો ધારણ કરવાની કે સાથે લઈ જવાની મનાઇ ફરમાવેલ છે. આ જાહેરનામામાં વધુમાં પથ્થરો અથવા ફેંકી શકાય તેવી કોઈપણ પ્રકારની વસ્તુઓ ફેંકવાની કે ધકેલવાના યંત્રો અથવા સાધનો ધારણ કરવાની એકઠાં કરવાની કે સાથે લઈ જવાની, વ્યક્તિઓ અથવા તેમના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા તૈયાર કરવાની દેખાડવાની, સળગાવવાની કે સાથે લઈ જવાની, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા વિસ્ફોટક પદાર્થો ધારણ કરવાની કે સાથે લઈ જવાની, જેનાથી સુરૂચિનો ભંગ થાય અથવા નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તેવી ચેષ્ટા કરવાની, તેવા ચિત્રો – પત્રિકા – પ્લેર કાર્ડ અથવા વસ્તુ તૈયાર કરવાની અથવા ફેલાવો કરવાની કે સાથે લઈ જવાની, બૂમો પાડવાની – અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ શબ્દો પોકારવા તેમજ અશ્લીલ ગીતો ગાવા અથવા ટોળામાં ફરવાની તથા કોઈ સરઘસમાં જલતી અને પેટાવેલી મશાલ લઈ જવાની મનાઈ ફરમાવવામાં આવી છે.'' આ હુકમ સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિ કે જેને તેમના ઉપરી અધિકારીશ્રીઓએ આવું કોઈપણ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેમની ફરજ હોય તેવી વ્યક્તિ તથા જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રીટશ્રી, મામલતદારશ્રી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રીએ અથવા તેઓએ કે જેને શારિરીક અશક્તિના કારણે લાકડી / લાઠી લઈ જવાની પરવાનગી આપવામાં આવી હોય,ખેતી કામે ઓજારો લઈ જતા ખેડૂતો, તેવી વ્યક્તિઓને આ હુકમ લાગુ પડશે નહીં. જો કોઈપણ વ્યક્તિ આ જાહેરનામાનો ભંગ કરશે કે તેમ કરવામાં મદદગારી કરશે તો તે દંડ અને શિક્ષાને પાત્ર થશે.



શ્રી શનિદેવ જયંતી નિમિત્તે શ્રી મહાકાળી મંદિર બેરણા હિંમતનગર ખાતે ૧૧ કુંડી યજ્ઞ મહોત્સવ તથા સંત ભંડારા તથા ભોજન મહાપ્રસાદ નું ભવ્ય આયોજન કરવામાં આવેલ. આ સમગ્ર આયોજન મહંત શ્રી દિનેશગિરી મહારાજ ( કુબેર ભંડારી, કરનાલી) , શ્રી મૌની મંગલપુરી મહારાજ ( મૌની મહારાજ), મહંત શ્રી સચીનગીરી મહારાજ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મહંત શ્રી ગણેશગિરી મહારાજ, મહંત શ્રી નાગેશ્વર ગિરી મહારાજ, મહંત શ્રી લક્ષ્મણભારતી બાપૂ ( ઝરનેશ્વર મહાદેવ મંદિર) , મહંત શ્રી મનોજગિરી મહરાજ, મહંત શ્રી કૈલાશગિરી મહારાજ, મહંત શ્રી ઉદયગીરી મહારાજ અન્ય સંતોની ની ઉપસ્થિતિ રહી તથા બેરણા ગ્રામજનો તથા અન્ય ભક્તો ની ઉપસ્થિતિ રહી દાતાઓ ભક્તો, સ્વયંસેવક મિત્રો તથા તમામ હરિભક્તો નો હ્રદયપૂર્વક આભાર માન્યો હતો.

*જુનાગઢ શહેરની ચિત્રકુટ સોસાયટીમાં થયેલી હત્યાનો ભેદ ઉકેલાયો*

# પૈસાની લેતી દેતીમાં પુત્રનાં મિત્રએ કરી હતી માતાની હત્યા

જૂનાગઢ, તા.૧૮

જુનાગઢ શહેરના ગિરિરાજ વિસ્તારમાં ચિત્રકૂટ સોસાયટીમાં થોડા દિવસ પહેલા થયેલી મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો છે. મૃતક મહિલાના પુત્રના મિત્રએ જ પૈસાની લેતીદેતી બાબતે હત્યા કર્યાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીને ઝડપીને ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. ૫૯ વર્ષીય સુનિતા રાયજા નામની મહિલાની ગત ૧૨ મે ૨૦૨૬ મંગળવારના રોજ સાંજના સમયે જુનાગઢ શહેરના ગીરીરાજ વિસ્તારમાં આવેલા ચિત્રકૂટ સોસાયટીમાં રહેણાંક મકાનની અંદરથી ગળું કપાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. ત્યારે જુનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા હત્યાના બનાવમાં સંડોવાયેલ મૃતકના પુત્ર અને ફરિયાદી દિલીપ રાયજાના મિત્ર ૩૯ વર્ષીય સુરેશ ઉર્ફે કાનો વાઘવાણી નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક તેમજ આરોપી જુના પાડોશી હોવાનું સામે આવ્યું છે. બનાવ સમયે જુનાગઢ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બનાવ સ્થળની વિઝીટ કરવામાં આવી હતી. ત્યારે સ્થળની વિઝીટ દરમિયાન પ્રાથમિક દ્રષ્ટિએ હત્યા કોઈ જાણભેદુ વ્યક્તિ દ્વારા જ કરવામાં આવી હોવાની શંકા ઉદભવી હતી.

કારણકે, મૃતક સુનિતા દ્વારા બનાવ સમયે કોઈ પણ જાતનો પ્રતિકાર કરવામાં આવ્યો હોય તે પ્રકારના પુરાવા નહોતા મળી આવ્યા. બનાવ સંદર્ભે જુનાગઢ શહેરના બી ડીવીઝન પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતની જુદી જુદી ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન બનાવ સ્થળની આજુબાજુમાં આવેલા સીસીટીવી ફૂટેજ મેળવીને તેનું એનાલિસિસ પણ કરવામાં આવ્યું હતું. તો સાથે જ ડ્રોનની મદદથી બનાવવાળા વિસ્તારનો એરિયલ વ્યુમેપ તૈયાર કરી બનાવ વાળા સ્થળ સુધી આવવા તેમજ જવાના કયા કયા રસ્તાઓ છે તે બાબતનો નકશો તૈયાર કરવામાં આવ્યો હતો. તેમજ બનાવ સમયે મૃતકના ઘરની આસપાસ કયા વ્યક્તિઓની અવરજવર હતી તે બાબતે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત કેટલાક શંકાસ્પદ વ્યક્તિઓની પોલીસ દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન જુનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમના પીઆઈ કૃણાલ પટેલ દ્વારા ફરિયાદી દિલીપના મિત્ર સુરેશ કાનાની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. પરંતુ શરૂઆતમાં સુરેશ બનાવ સંદર્ભે કંઈ જાણતો જ ન હોય તે પ્રકારનો ઢોંગ પોલીસ સમક્ષ કર્યો હતો. પરંતુ બાદમાં યુક્તિ પ્રયુક્તિથી સુરેશની પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો. તેમજ પોલીસ સમક્ષ કબુલાત આપી હતી કે, તે અગાઉ કાપડ વેચાણના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. જોકે ધંધામાં ખોટ જતા તેની આર્થિક સ્થિતિ નબળી બની હતી.

તેમજ બાદમાં થોડાક મહિના પૂર્વે તે શેર બજારમાં ફયુચર એન્ડ ઓપ્શન્સમાં અંદાજિત પોણા ચાર લાખ જેટલી રકમ હારી ચૂક્યો હતો. જેના કારણે તેને પૈસાની જરૂરિયાત ઊભી થઈ હતી. દરમિયાન ઉછીના પૈસા લેવા માટે તે ૧૨ તારીખના રોજ સુનિતા પાસે ગયો હતો. દરમિયાન સુનિતા દ્વારા દાગીના સહિતની કોઈ કીમતી વસ્તુ હોય તો તેમને સિક્યુરિટી પેટે રાખીને પૈસા આપવાનું જણાવ્યું હતું. જોકે, સુરેશ પાસે સિક્યુરિટી પેટે રાખવા માટે કંઈ ન હોવાથી બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. દરમિયાન સુરેશ દ્વારા છરી વડે સુનિતા બહેનની હત્યા કરી દેવામાં આવી હતી.

સુનીતા બહેનની હત્યા કર્યા બાદ સુરેશ સુનીતાના પરિવારજનોની આસપાસ જ રહ્યો હતો. સુનીતાની અંતિમવિધિનો સામાન લેવા પણ સુરેશ જ ગયો હતો. અંતિમવિધિ બાદની તમામ વિધિમાં પણ સુરેશ હાજર રહ્યો હતો. દરમિયાન પોલીસ શું કરી રહી છે? પોલીસની કયા પ્રકારની ગતિવિધિ છે તે બાબતે પણ તે ધ્યાન રાખતો હતો.

## કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનર તરીકેનો ચાર્જ સંભાળતા આર.એન.ડોડિયા



આણંદ,તા.૧૮

વર્ષ ૨૦૨૦ ની બેચના આઈએએસ (IAS) અધિકારી શ્રી આર.એન. ડોડિયાએ આણંદ-કરમસદ મહાનગરપાલિકાના કમિશનર તરીકેનો પદભાર આજે વિધિવત રીતે સંભાળી લીધો છે. પદભાર ગ્રહણ કર્યા બાદની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે, આ પૂર્વે તેઓ અધિક ઉદ્યોગ કમિશનર **(Additional Commissioner of Industries)** તરીકે ફરજ બજાવતા હતા. આર. એન. ડોડીયા એ 'નગર' શબ્દને વ્યાખ્યાયિત કરતા જણાવ્યું કે, નગર શબ્દમાં ન એટલે નળ (શુદ્ધ પીવાનું પાણી), ગ એટલે ગટર (સુદ્રઢ ડ્રેનેજ વ્યવસ્થા અને સ્વચ્છતા) તથા ર એટલે રસ્તા (સુવિધાયુક્ત માર્ગો) સહિત શહેરની સુંદરતા વધારવા પર તેમનું પ્રાથમિક ધ્યાન રહેશે.

તેમણે નગરજનોના જીવનધોરણને ઊંચું લાવવા માટે એક મંત્ર **"Earn Well, Live Well"** એટલે કે, નગરના નાગરિકો સારી આવક મેળવે (આર્થિક સમૃદ્ધિ પામે) અને સાથે-સાથે ખૂબ જ સારું અને સુવિધાજનક જીવન જીવે તેમ જણાવ્યું હતું. આમ, કરમસદ આણંદ મહાનગરપાલિકાના કમિશનરે શ્રેષ્ઠ સુવિધાઓ સાથે નગરજનોને ટ્રાફિક અડચણરૂપ ન થાય, શહેર મહાનગર સ્વચ્છ અને સુંદર બને તે રીતે મહાનગરપાલિકા કામ કરશે, જેમાં નગરજનોને સહયોગ આપવા અનુરોધ કર્યો છે.

# પતિ અને સાસરિયાના ત્રાસથી આણંદની દીકરીનો આપઘાત




આણંદ,તા.૧૮

રાજકોટ ખાતે પરણેલી આણંદની લાડકવાઈ કન્યા એ પતિ અને સાસરીયા ના ત્રાસથી કંટાળી જઈને આપઘાત કરી લેતા રાજકોટ બી ડિવિઝન પોલીસે પતિ સાસુ સસરા વિરુદ્ધ આપઘાત કરાવવા બાબતે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે પ્રાપ્ત વિગતો અનુસાર આણંદના અક્ષર ફાર્મ રોડ પર બ્લુ વેદાંતો સોસાયટીમાં રહેતા અને સ્ટીલ નો વેપાર કરતાં એન્જિનિયર કેતનભાઈ પ્રજાપતિની ૨૪ વર્ષની બહેન નિકિતા ના લગ્ન ૨૧ ૧૧ ૨૦૨૫ ના રોજ રાજકોટ ખાતે રહેતા અજયભાઈ પ્રજાપતિ સાથે થયા હતા લગ્નના બીજા મહિનાથી જ પતિએ તેની સાથે બોલવાનું બંધ કરી દીધું હતું પતિના મોબાઈલ હીડન ફોલ્ડરમાંથી બીભત્સ ફોટા મળી આવ્યા હતા. જેથી તેણીએ પતિને પૂછતા પતિએ મારે ક્રિશા સાથે અફેર ચાલી રહ્યું છે તેને હું નહીં છોડું રહેવું હોય તો રહે નહીં તો ચાલતી પકડ આ અંગે સાસુ સસરા ને પણ જાણ કરતા પણ છોકરાનું ઉપરાણું લીધું હતું. છોકરાનું ઉપરાણું લઈને તેની ઉપર ત્રાસ ગુજારાવામાં આવતો હતો જેથી તેણીએ કંટાળીને પંખા સાથે સાડીનો ગાળીયો બનાવીને ઘરે ફાંસો ખાય લીધો હતો ગતરોજ નિકિતા અને ન્યાય મળે તે માટે કેન્ડલ રેલીયાત્રા અને શ્રદ્ધાંજલિ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

# આણંદ ખાતે સાંસદ મિતેષ પટેલના અધ્યક્ષ સ્થાને દિશા કમિટીની બેઠક યોજાઈ



આણંદના સાંસદ અને દિશા કમિટીના ચેરમેન મિતેષ પટેલના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ ડેવલોપમેન્ટ કો - ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા) ની બેઠક આણંદ કલેકટર કચેરી, આણંદના સભાખંડ ખાતે યોજાઈ હતી. મિતોષ પટેલે ભારત સરકારની વિવિધ યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરી હતી અને વર્ષ ૨૦૨૫-૨૬ ના ચોથા ક્વાર્ટરની (માર્ચ ૨૦૨૬ અંતિત) લક્ષ્યાંકની સામે થયેલ કામગીરીની સમીક્ષા અને ભાવિ આયોજન અંગે જાણકારી મેળવી હતી. દિશા કમિટીના ચેરમેનશ્રી મિતેશભાઈ પટેલે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશના નાગરિકોને પેટ્રોલ અને ડીઝલનો શકાય એટલો ઓછો ઉપયોગ કરવા અને ઉર્જા બચાવવાનો આહવાન કર્યો છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે.વી.દેસાઈએ આણંદ ખાતે યોજાયેલ દિશા બેઠકનું સંચાલન કર્યું હતું. આ બેઠકમાં જિલ્લા કલેકટર પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારીદેવાહુતી, ધારાસભ્ય સર્વ શ્રી ચિરાગ પટેલ અને યોગેશ પટેલ, નિવાસી અધિક કલેકટર આર.એસ.દેસાઈ, દિશા કમિટીના વિવિધ વિભાગના અધિકારીઓ ઓફલાઇન તેમજ ઓનલાઈન માધ્યમથી બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતા.

# આરોગ્ય પ્રભાત

## શા માટે ભારતના શહેરો ડેંગ્યૂના હોટસ્પોટ તરીકે ઉભરી રહ્યા છે અને તેની સામે વર્ષભર લડી શકે તેવા પગલા લેવા જરૂરી



મોન્સુન પ્રિવેન્ટીવ એક્ટિવિટીના ભાગરૂપે દરવર્ષે દેશભરમાં ૧૬મી મેના રોજ નેશનલ ડેન્ગ્યુ ડે તરીકે ઉજવવામાં આવે છે. આ સમયસર યાદ અપાવે છે કે, ડેન્ગ્યુને રોકવા માટે વ્યક્તિગત રીતે, પરિવારિક રીતે અને સમુદાય બધા એ પ્રયાસ કરવાની જરૂર છે. આ વર્ષે વધતા જતા તાપમાન અને બદલાતા વાતાવરણને લીધે દેશભરમાં ડેન્ગ્યુનું જોખમ વધુ છે, ત્યારે એ યાદ રાખવું એ વધુ મહત્વનું છે.

ભારતીય મેટ્રોલોજિકલ ડિપાર્ટમેન્ટ (આઈએમડી) એ એવો અંદાજ મૂક્યો છે કે, દેશના મોટા ભાગનું તાપમાન સામાન્ય તાપમાન કરતા વધુ રહેવાનું છે અને ૨૦૨૬માં ગરમી વધવાની છે, સંભવતઃ રેકોર્ડ પ્રમાણે આ સૌથી ગરમ વર્ષ બની રહેશે. વિશ્વભરના વૈજ્ઞાનિકોએ ચેતવણી પણ આપી છે કે, અલ નીનો જેવી આબોહવાની પેટર્ન ભારે હવામાનની ઘટનાઓને વધુ તીવ્ર બનાવી શકે છે, જેનાથી રોગ ફાટી નિકળવાનું જોખમ વધી શકે છે. આવી પરિસ્થિતિ એ ડેન્ગ્યુનું જોખમ વધારવાની શક્યતા છે, જેના લીધે ઊંચા તાપમાનમાં વેક્ટર બોર્ન રોગના ફેલાવા માટે અનુકૂળ વાતાવરણ બનાવે છે, જે ભારતીય શહેરોના ડેન્ગ્યુ ટ્રાન્સમિશન માટે મુખ્ય હોટસ્પોટ તરીકે ઉભરી રહ્યું છે.

ડેન્ગ્યુ હવે સામાન્ય ચોમાસાની ઋતુ સુધી મર્યાદિત નથી રહ્યું અને હવે તે આખું વર્ષ જાહેર આરોગ્ય માટે ચિંતાનો વિષય બની ગયો છે, જેમાં પરંપરાગત ઋતુગત મર્યાદાઓ ઉપર આંતરિક વિસ્તારોમાં પણ કેસ નોંધાઈ રહ્યા છે. ઝડપી શહેરીકરણ, વધતું જતું તાપમાન અને બદલાતા હવામાનને લીધે ડેન્ગ્યુનો ફેલાવો ઝડપથી વધી રહ્યો છે. ઉપરાંત વધતી જતી વસતી ઘનતા, અણઘડ બાંધકામની પ્રવૃતિ તથા પાણીના સંગ્રહની પદ્ધતિ જેવા પરિબળો મચ્છરોની બ્રિડિંગની પ્રક્રિયાઓ માટે આદર્શ વાતાવરણ ઉભું કરે છે.

ભારત ડેન્ગ્યુના વૈશ્વિક બોજના લગભગ ત્રીજા ભાગ માટે જવાબદાર છે, છેલ્લા બે દાયકામાં ટ્રાન્સમિશનમાં અગિયાર ગણો વધારો થયો છે. ડેન્ગ્યુ ભારતના મોટાભાગના ભાગોમાં સ્થાયી બની ગયું છે અને સમયાંતરે તે વાર્ષિક રોગચાળો ફેલાવે છે, લગભગ દરેક પ્રદેશમાંથી કેસ નોંધાય છે. તે હવે ભારતના દક્ષિણ અને પશ્ચિમ ભાગોમાં બારમાસી (સમગ્ર વર્ષનું) બની ગયું છે.

હવે તે સામાન્ય ચોમાસાના મહિનાઓ ઉપરાંત અને અગાઉ ઓછા જોખમવાળા વિસ્તારોમાં પણ નોંધાઈ રહ્યું છે, જેમાં હિમાચલ પ્રદેશ અને ઉત્તરપૂર્વના ભાગો જેવા ઊંચાઈવાળા પ્રદેશોનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, અમદાવાદમાં, જ્યાં શિયાળાના મહિનાઓ સામાન્ય રીતે ડેન્ગ્યુથી પ્રમાણમાં સુરક્ષિત માનવામાં આવે છે, આ વર્ષે ૧ જાન્યુઆરીથી ૩૦ એપ્રિલ દરમિયાન અણધાર્યા ૮૦ કેસ નોંધાયા હતા, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર. જોખમનું પ્રમાણ વધુ વધવાની ધારણા છે, જેમાં અંદાજે ૧.૫ અબજ ભારતીયો ૨૦૫૦ સુધીમાં ડેન્ગ્યુ જોખમ ઝોનમાં રહેવાનો અંદાજ છે.ડેન્ગ્યુ તમામ વય જૂથોના લોકોને અસર કરી શકે છે; જો કે, કેટલાક જૂથો ગંભીર ડેન્ગ્યુ માટે ખૂબ જ સંવેદનશીલ રહે છે. ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં મોટા પ્રમાણમાં કેસ હોય છે અને રોગપ્રતિકારક શક્તિ વિકસિત થવાને કારણે તેમને ગંભીર ડેન્ગ્યુનું જોખમ વધારે હોય છે. ડાયાબિટીસ, હાયપરટેન્શન, સ્થૂળતા અને હૃદય રોગ જેવી સ્થિતિ ધરાવતા પુખ્તવયના લોકોમાં પણ ગૂંચવણો થવાની શક્યતા વધુ હોય છે. વધુમાં, ભારતમાં ડેન્ગ્યુના ચારેય સ્ટિરિયોટાઈપ્સમાં વધુ પરિભ્રમણ થાય છે, તેનો અર્થ એવો છે કે, વ્યક્તિઓ ઘણી વખત ચેપગ્રસ્ત થઈ શકે છે. ગૌણ ચેપ ઘણીવાર વધુ ગંભીર રોગ અને હોસ્પિટલમાં દાખલ થવાનું જોખમ વધારે છે.

ડાયાબિટીસ, હાયપરટેન્શન, સ્થૂળતા અને હૃદય રોગ જેવી અંતર્ગત સ્થિતિઓ ધરાવતા પુખ્ત વયના લોકોમાં પણ ગૂંચવણો થવાની શક્યતા વધુ હોય છે. વધુમાં, ભારતમાં ડેન્ગ્યુના ચારેય સેરોટાઈપ્સ પરિભ્રમણમાં છે, જેનો અર્થ છે કે વ્યક્તિઓ ઘણી વખત ચેપગ્રસ્ત થઈ શકે છે. ગૌણરીતે લાગેલો ચેપ પણ ઘણીવાર વધુ ગંભીર રોગ અને હોસ્પિટલમાં દાખલ થવાનું જોખમ વધારે છે.

ડો. નિમિત શાહ, ઈન્ટરનલ મેડિસીન કન્સલ્ટીંગ ફિઝીશિયન, ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ કહે છે: ''ડેન્ગ્યુ કોઈને પણ અસર કરી શકે છે, પરંતુ ડાયાબિટીસ, સ્થૂળતા, હાયપરટેન્શન કે પછી હૃદયરોગ ધરાવતા દર્દીઓ માટે જોખમ વધુ રહે છે. આવા વધુ જોખમ ધરાવતા દર્દીઓમાં ગંભીર ડેન્ગ્યુથી લોહીના પ્રવાહમાં ઘટાડો થાય છે અને પ્લાઝમા લિકેજના લીધે અંગો કામ કરતા બંધ થઈ શકે છે, જે કિડની, લીવર અને હૃદય જેવા મહત્વપૂર્ણ અંગોને પણ અસર કરે છે. ઉદાહરણ તરીકે, ડેન્ગ્યુ જ્યારે ડાયાબિટીસના દર્દીને થાય છે, ત્યારે તેમાં સ્વસ્થ વ્યક્તિ જેટલી બિમારીનો સામનો કરવાની તાકાત નથી હોતી તેથી તેમને ઝડપથી હેમોરેહેજિક તાવ, ડેન્ગ્યુ શોક સિન્ડ્રોમ અને સૌથી ખરાબ કિસ્સામાં મૃત્યુ તરફ દોરી શકે છે. હકિકતમાં તો, પહેલાથી જ ડાયાબિટીસ ધરાવતા દર્દીઓમાં ગંભીર ડેન્ગ્યુ થવાની શક્યતા સામાન્ય દર્દીની તુલનામાં ત્રણ ગણી વધી જાય છે. જ્યારે બે કે તેથી વધુ ક્રોનિક સ્થિતિઓ સાથે હોય ત્યારે જોખમ વધી જાય છે; ઉદાહરણ તરીકે, ડાયાબિટીસ અને હૃદય રોગનું ગંભીર જટિલતાઓમાં આ શક્યતા ૮ ગણી વધી શકે છે. મચ્છર કરડવાથી પોતાને બચાવો અને જો જરૂર પડે તો, તબીબી સહાય માટે રાહ ન જૂઓ. તમારું જોખમ સાચું છે અને વહેલી સારવાર એ જીવન બચાવી શકે છે.''

ડેન્ગ્યુના લક્ષણો સામાન્ય રીતે મચ્છર કરડવાના ૪થી ૧૦ દિવસ બાદ દેખાવાના શરૂ થાય છે અને તેમાં ભારેથી અતિભારે તાવ, ખૂબ જ માથાનો દુઃખાવો, આંખોની પાછળનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, ઉબકા, ઉલટી અને ફોલ્લીઓનો સમાવેશ થાય છે. ઘણા કિસ્સાઓમાં તે હળવું હોય છે, પરંતુ તાવ ઓછો થતા ચેતવણીના ચિન્હો દેખાઈ શકે છે અને તેને અવગણવા જોઈએ નહીં. આમાં તિવ્ર પેટનો દુઃખાવો, સતત ઉલટી, પેઢા કે નાકમાંથી રક્તસ્ત્રાવ, અતિશય થાક, બેચેની અને ઉલટી અથવા મળમાં લોહી પડવાનો સમાવેશ થાય છે.

જો સમયસર સારવાર ન કરવામાં આવે તો, ડેન્ગ્યુ એ ૨૦ ટકા ગંભીર કેસોમાં જીવલેણ બની શકે છે, અને પ્રવાહી લિકેજ, ડેન્ગ્યુ શોક સિન્ડ્રોમ અને મલ્ટી ઓર્ગન ફેલ્યોર જેવી જટિલતા તરફ દોરી શકે છે, જે પરિવારો અને હેલ્થકેર સિસ્ટમ પર વધારાનો બોજ નાખે છે.

ડેન્ગ્યુ ફેલાવતા એડીસ એજિપ્તી મચ્છર ગીચ વસ્તીવાળા શહેરી વાતાવરણમાં ખીલે છે અને પાણીની ટાંકીઓ, ડોલ, ફૂલદાની અને ફેંકી દેવાયેલા કન્ટેનર જેવા ઘરોમાં સામાન્ય રીતે જોવા મળતા સ્વચ્છ, સ્થિર પાણીના નાના સંગ્રહમાં પ્રજનન કરે છે. પરિણામે, ડેન્ગ્યુ ઘણીવાર ઘરો અને સમુદાયોમાં જૂથોમાં ફેલાય છે, જ્યાં થોડા ચેપગ્રસ્ત મચ્છરો વાયરસને અનેક લોકોમાં ફેલાવી શકે છે. ઘરો, શાળાઓ, પડોશીઓ અને ઓફિસોમાં નિયમિત તપાસ, સ્થિર પાણીને દૂર કરવા, જીવડાંનો ઉપયોગ કરવા, આખી બાંયના કપડાં પહેરવા અને જો કોઈ લક્ષણો દેખાય તો ડૉક્ટરની સલાહ લેવી, ચેપનું જોખમ ઘટાડવું જરૂરી છે. હવામાન આપણા નિયંત્રણમાં નથી, ત્યારે આપણા ઘરોમાં અને આસપાસ પાણીની સ્થિરતાને અટકાવવું અને આપણી આસપાસની જગ્યાને સ્વચ્છ રાખવી એ ચોક્કસપણે મહત્વપૂર્ણ છે. પરિવારો, શાળાઓ અને સમુદાયોએ કેસ વધે તે પહેલાં પગલાં લેવા જોઈએ, કારણ કે વ્યક્તિગત ક્રિયાઓ ઘરો અને સ્થાનિક સમુદાય બંનેને સુરક્ષિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

સમુદાયીક સ્તરે, રેસિડેન્ટ વેલફેર એસોશિયેશન્સ, પડોશી જૂથો, શાળાઓ અને સ્થાનિક સત્તાવાળાઓએ સ્વચ્છ વહેંચાયેલ જગ્યાઓ જાળવવા, કચરા વ્યવસ્થાપનમાં સુધારો કરવા અને મચ્છરોના સંવર્ધન સ્થળોને દૂર કરવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ.વેક્ટર નિયંત્રણ મહત્વપૂર્ણ છે, તે તેના પોતાના પૂરતું નથી. ડબલ્યુએચઓ મચ્છર નિયંત્રણ, વ્યક્તિગત સુરક્ષા, સમુદાયીક જોડાણ અને સ્થાનિક વિસ્તારોમાં રસીકરણ સહિતના સંકલિત ડેન્ગ્યુ નિવારણ વ્યૂહરચનાઓની ભલામણ કરે છે.

# ડિશ ટીવી દ્વારા 'વીઝી એન્ટરટેઈનમેન્ટ ઈકોસિસ્ટમ' લોન્ચ
## ભારતના વિકસતા મનોરંજન અનુભવને સરળ બનાવવાનો પ્રયાસ

ભારતના મનોરંજન ઉપભોગમાં ઝડપી બદલાવ આવી રહ્યો છે, જ્યાં લોકો અનેક એપ્સ, ઉપકરણો અને સ્ક્રીન્સ પર કન્ટેન્ટ જોતા થયા છે. આવા સમયમાં ગ્રાહકો હવે વધુ સરળ અને જોડાયેલું મનોરંજન અનુભવ ઈચ્છે છે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને, ડિશ ટીવી ઈન્ડિયા લિમિટેડે આજે 'વીઝી' લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે ભારતનું પ્રથમ એકીકૃત જોડાયેલ મનોરંજન ઈકોસિસ્ટમ છે, જે સ્ટ્રીમિંગ, લાઈવ ટીવી અને પે-પર-વ્યુ પ્રીમિયમ કન્ટેન્ટને એક જ સરળ અનુભવમાં જોડે છે.""આજનું મનોરંજન ક્ષેત્ર વધુ વિખરાયેલું અને જટિલ બનતું જાય છે. સામાન્ય ઘરમાં હવે સ્માર્ટ ટીવી, ડીટીએચ કનેક્શન, સ્ટ્રીમિંગ સ્ટિક્સ જેવા અનેક ઉપકરણો હોય છે, તેમજ દરેક સેવા માટે અલગ એપ્સ અને સબ્સ્ક્રિપ્શન જરૂરી બને છે. વિવિધ પ્લેટફોર્મ્સ પર વિખરાયેલા કન્ટેન્ટને કારણે ગ્રાહકોને ઘણી એપ્સ, અલગ બિલ્સ, જુદા રિન્યુઅલ સાયકલ્સ અને વિખરાયેલો વ્યૂઈંગ અનુભવનો સામનો કરવો પડે છે. શું જોવું તે શોધવામાં સમય લાગે છે, સતત શોધ, એપ બદલવાની જરૂર અને થાકજનક અનુભવ થાય છે. મનોરંજન તો સરળ અને આનંદદાયક હોવું જોઈએ."""'વીઝી' આ જ ગૂંચવણને દૂર કરવા માટે બે સ્તરવાળા ઈકોસિસ્ટમ સાથે આવ્યું છે, જે સ્ટ્રીમિંગ, લાઈવ ટીવી અને સ્ક્રીન્સને એવી રીતે જોડે છે, જે પહેલાં ભારતમાં કોઈ પ્લેટફોર્મે કર્યું નથી."""'વીઝી' એક સરળ વિચાર પર આધારિત છે – મનોરંજન ક્યારેય કામ જેવું લાગવું જોઈએ નહીં. આ પ્લેટફોર્મ લાઈવ ટીવી, સ્ટ્રીમિંગ સેવાઓ, ક્રિએટર આધારિત કન્ટેન્ટ અને જાહેરાત આધારિત વિડિયો ઓન ડિમાન્ડ (AVOD) પ્રોગ્રામિંગને એક સંકલિત ઈકોસિસ્ટમમાં જોડે છે, જે મોબાઈલ અને સ્માર્ટ ટીવી પર સરળતાથી ઉપલબ્ધ છે. એક સાઈન-ઈન. એક બિલ. એક જ સ્થળ, જ્યાં બધું એકસાથે ઉપલબ્ધ છે."એક એકીકૃત મનોરંજન પ્લેટફોર્મ, જે હાલમાં ૨૯થી વધુ સ્ટ્રીમિંગ એપ્લિકેશન્સ (આગામી સમયમાં વધુ ઉમેરાશે), લાઈવ ટીવી ચેનલ્સ, ક્રિએટર આધારિત કન્ટેન્ટ અને છર્ફઽ કન્ટેન્ટને એક જ છત હેઠળ લાવે છે. આ પ્લેટફોર્મ સ્માર્ટ સર્ચ સુવિધાઓ દ્વારા કન્ટેન્ટ શોધ અને નેવિગેશનને સરળ બનાવે છે, જેથી ગ્રાહકોનો શોધ સમય ઘટે, થાક ઓછો થાય અને ટ્રેન્ડિંગ તથા સંબંધિત કન્ટેન્ટ સરળતાથી મળી શકે."

લાઈવ ટીવી ચેનલ્સ અને સ્ટ્રીમિંગ એપ્સ સાથે ઉપલબ્ધ 'વીઝી સ્માર્ટ ટીવી' એક પ્રીમિયમ ઊન્ઈઠ ૪દ્ધ સ્માર્ટ ટીવી અનુભવ આપે છે, જે ગૂગલ ટીવી ઈકોસિસ્ટમ દ્વારા સંચાલિત છે અને ડોલ્બી વિઝન તથા ડોલ્બી એટમોસ જેવી ઉત્તમ ઑડિયો-વિઝ્યુઅલ ગુણવત્તા ધરાવે છે. 'વીઝી સ્માર્ટ ટીવી' ચાલુ કરતાં જ સિનેમા જેવો અનુભવ આપે છે."""લોન્ચ અંગે વાત કરતાં, ડિશ ટીવીના મુખ્ય કાર્યકારી અધિકારી અને કાર્યકારી નિર્દેશક મનોજ દોભાલે કહ્યું, "ભારતીય મનોરંજન ગ્રાહકોને હવે વધુ એક એપ નહીં, પરંતુ એક એવો અનુભવ જોઈએ છે જે સરળતાથી કાર્ય કરે. 'વીઝી' એ જ સમજણ પરથી બનાવવામાં આવ્યું છે. અમે સ્માર્ટ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મની શક્તિને પ્રીમિયમ સ્માર્ટ ટીવી ઈકોસિસ્ટમ સાથે જોડીને એક એવું જોડાયેલ મનોરંજન અનુભવ આપ્યો છે, જે પહેલાં ભારતીય બજારે જોયો નથી. 'વીઝી' માત્ર એક પ્લેટફોર્મ નથી, પરંતુ એ એક સંકેત છે કે અમે ઘણું મોટું બનાવી રહ્યા છીએ. અમે ભારતમાં કન્ટેન્ટ જોવાની રીતને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છીએ.''""ડિશ ટીવીના મુખ્ય આવક અધિકારી સુખપ્રીત સિંહે ઉમેર્યું, "આજના સમયમાં મનોરંજન માટે સરળ, લવચીક અને વિવિધ ઉપકરણો પર ઉપલબ્ધ અનુભવની જરૂર છે. 'વીઝી એન્ટરટેઈનમેન્ટ ઈકોસિસ્ટમ' સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ, લાઈવ ટીવી ચેનલ્સ અને પ્રીમિયમ સ્માર્ટ વ્યૂઈંગને એક જ પ્લેટફોર્મ પર જોડે છે, જેથી ગ્રાહકો ઓછો સમય શોધવામાં અને વધુ સમય જોવા માટે ખર્ચે. સરળ નેવિગેશન, સ્માર્ટ શોધ અને મજબૂત બંડલ મૂલ્ય દ્વારા અમે ભારતીય ઘરોને વધુ જોડાયેલ મનોરંજન અનુભવ આપવાનો પ્રયાસ કરીએ છીએ.''"



સાક્ષી મલિક પોતાની બોલ્ડનેસના કારણે સોશિયલ મીડિયા પર લાઈમલાઈટમાં રહે છે. જ્યારે પણ સાક્ષી મલિક ઈન્સ્ટાગ્રામ પર પોતાની તસવીરો શેર કરે છે, ત્યારે તે ફેન્સમાં ઝડપથી વાયરલ થઈ જાય છે. તાજેતરમાં જ અભિનેત્રી સાક્ષીએ ફરી એકવાર પોતાની લેટેસ્ટ બોલ્ડ પોસ્ટથી ઈન્ટરનેટ પર ખળભળાટ મચાવી દીધો છે. આ તસવીરો પર ફેન્સ મનભરીને કોમેન્ટ કરી રહ્યા છે. સોનુ કે ટીટુ કી સ્વીટી ફિલ્મથી રાતોરાત ફેમસ બનેલી સાક્ષી મલિક આ દિવસોમાં ભોજપુરી દુનિયામાં હલચલ મચાવતી જોવા મળે છે.અભિનેત્રીના હાથમાં એકથી એક મોટા પ્રોજેક્ટ આવી રહ્યા છે. સાક્ષી મલિક ન માત્ર એક સારી અભિનેત્રી અને ડાન્સર છે પરંતુ તે સોશિયલ મીડિયાની સેન્સેશન પણ બની ગઈ છે.બોલિવૂડ એક્ટ્રેસ સાક્ષી મલિક તેની સ્ટાઈલિશ ડ્રેસિંગ સેન્સ અને ફિટનેસને લઈને હંમેશા ચર્ચામાં રહે છે. તાજેતરમાં, અભિનેત્રી સાક્ષી મલિકે ફરી એકવાર તેના લેટેસ્ટ ફોટોશૂટથી ઈન્ટરનેટ પર સનસનાટી મચાવી દીધી છે.આ તસવીરોમાં સાક્ષી મલિકનો હોટ લુક જોઈને ફેન્સ તેના વખાણ કરતાં થાકતા નથી. સાક્ષીની આ તસવીરો આગની જેમ વાયરલ થઈ રહી છે.

# પ્રિયંકા ચોપરાની 'સિટાડેલ S2' કોઈ પ્રમોશન કે હાઈપ વગર જ રિલીઝ થઈ ગઈ



પ્રિયંકા ચોપરા અને રિચર્ડ મેડન અભિનીત 'સિટાડેલ' સીઝન ૨ હાલમાં પ્રાઈમ વિડિયો પર સ્ટ્રીમ થઈ રહી છે. આ જોઈને પ્રાઈમ વીડિયોના ઘણા ગ્રાહકો અને પ્રિયંકાના ફૅન્સ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે. ત્રણ વર્ષ પહેલાં જ્યારે 'સિટાડેલ' લોન્ચ થઈ હતી, ત્યારે તેને દુનિયાનાં સૌથી મોટા શો તરીકે રજૂ કરવામાં આવી હતી. રૂસો બ્રધર્સનું બેકિંગ, પ્રિયંકા ચોપરા અને રિચર્ડ મેડન જેવા સ્ટાર્સ અને વિશ્વભરમાં યોજાયેલા પ્રીમિયર્સને કારણે આ સિરીઝ ભારે ચર્ચામાં રહી હતી. ત્યાર પછી એના અલગ અલગ દેશોના વર્ઝન બન્યા જેમકે, ઈન્ડિયામાં સિટાડેલ હની બની, તેને પણ મોટા પાયે લોંચ કરવામાં આવી હતી. સામાન્ય રીતે, કોઈને આટલી મોટી સિરીઝની નવી સીઝન વિશે ખબર ન હોય તો નવાઈ લાગે. પરંતુ અહીં ભૂલ દર્શકોની નથી. 'સિટાડેલ' સીઝન ૨ એટલી શાંતિથી આવી કે જાણે કોઈએ તેને ઈચ્છાપૂર્વક અવગણેલી હોય. કોઈ ખાસ પ્રમોશન નહીં, સ્ટાર કાસ્ટનાં ઈન્ટરવ્યૂ નહીં અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ તરફથી પણ ખાસ ઉત્સાહ નહીં. જાણે કોઈ અનિચ્છનીય વસ્તુને ચુપચાપ રસ્તા પર મૂકી દેવામાં આવી હોય એવી સ્થિતિ લાગે છે. 'સિટાડેલ' સીઝન ૨ની રિલીઝ ડેટ સ્ટ્રીમિંગ પહેલાં માત્ર બે અઠવાડિયા પહેલા જાહેર કરવામાં આવી હતી, સાથે એક ટ્રેલર પણ મુકાયું હતું. ત્યારબાદ એક પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર થયું, જેને કાસ્ટે પણ રી-શેર કર્યું. પરંતુ બધું ખૂબ શાંત અને મર્યાદિત રહ્યું, કોઈ શોરબકોર કે પ્રમોશન વિના જ. ન તો કોઈ ગ્રાન્ડ પ્રીમિયર યોજાયું, ન મીડિયા ઈન્ટરવ્યૂ, ન પ્રચાર અભિયાન. રૂસો બ્રધર્સે રિલીઝના એક દિવસ પહેલાં માત્ર "નો સ્પોઈલર પ્લીઝ'' મેસેજ શેર કર્યો અને વાત પૂરી થઈ ગઈ.તેની સામે, ૨૦૨૩માં જ્યારે પ્રથમ સીઝન આવી હતી ત્યારે મુંબઈ સહિત ચાર શહેરોમાં ભવ્ય પ્રીમિયર્સ યોજાયાં હતાં. લગભગ ૩૦૦ મિલિયન ડોલરનાં બજેટવાળી આ સિરીઝને ટેલિવિઝન ઈતિહાસની સૌથી મોંઘા પ્રોડક્શન્સમાંની એક માનવામાં આવી હતી. રિચર્ડ મેડન ભારત આવ્યા હતા અને તેમણે તથા પ્રિયંકા ચોપરાએ એશિયા, યુરોપ અને નોર્થ અમેરિકા સહિત અનેક મીડિયા ઈન્ટરવ્યુ આપ્યાં હતાં. સ્પિન-ઓફ્સની જાહેરાતો પણ થઈ હતી અને મહિનાઓ સુધી 'સિટાડેલ' ચર્ચામાં રહી હતી.પરંતુ ચિંતા જ્યારે પ્રથમ સીઝનને મિશ્ર પ્રતિસાદ મળ્યો ત્યારે શરૂ થઈ. શોની ગતિ અને લેખનને લઈને ટીકા થઈ અને કેટલાંક ઓનલાઈન પ્લેટફર્મ પર તેને માત્ર ૫૨% રેટિંગ મળ્યું હતું.પ્રથમ સીઝન દરમિયાન મોટા પાયે રી-શૂટ્સ કરાયાં હતાં. મૂળ શોરનર્સ જોશ એપલબાઉમ અને આન્દ્રે નેમેક વચ્ચે સર્જનાત્મક મતભેદોને કારણે વચ્ચે જ પ્રોજેક્ટ છોડીને ગયાં હતાં. પ્રિયંકા ચોપરાએ સીઝન ૨ માટે મોટા રી-શૂટ્સનાં અહેવાલોને નકારી કાઢ્યા હતા, પરંતુ રિપોર્ટ્સ અનુસાર બીજી સીઝનનું ડેવલપમેન્ટ પણ મુશ્કેલીઓભર્યું રહ્યું હતું.૨૦૨૪માં સીઝન ૨ પ્રોડક્શનમાં ગઈ ત્યારે 'ડાયાના' અને 'હની બની' જેવા સ્પિન-ઓફ્સ રદ કરી દેવામાં આવ્યા. ત્યારબાદ પ્રાઈમ વિડિયોએ શોના પ્રમોશન માટે ખૂબ મર્યાદિત અભિગમ અપનાવ્યો હતો. હની બનીને પણ મિશ્ર પ્રતિસાદ મળ્યો અને તેની બીજી સીઝન પણ રાજ અને ડિકે કરશે કે નહીં તે અંગે પ્રશ્નો છે. 'સિટાડેલ' એક સ્પાય થ્રિલર સિરીઝ છે જેમાં રિચર્ડ મેડન અને પ્રિયંકા ચોપરા ગુપ્ત એજન્ટ્સની ભૂમિકામાં છે. વિરોધી એજન્સીના હુમલા બાદ તેમની યાદશક્તિ ખોવાઈ જાય છે અને પછી તેઓ પોતાની ઓળખ પાછી મેળવવા અને દુશ્મનો સામે લડવા માટે ફરી એક થાય છે.

# ૨૦૦ કરોડનાં ખંડણી કેસમાં લીના મારિયા પોલ હાલ જેલ મુક્ત થશે નહીં




નવીદિલ્હી,તા.૧૮

દિલ્હી હાઈકોર્ટે કથિત છેતરપિંડી કરનાર સુકેશ ચંદ્રશેખરની પત્ની, અભિનેત્રી લીના મારિયા પોલ દ્વારા દાખલ કરાયેલ ૨૦૦ કરોડની ખંડણીના કેસની સુનાવણી કરી. સુનાવણી દરમિયાન, દિલ્હી હાઈકોર્ટે અભિનેત્રી લીના પાઉલોસને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા દાખલ કરાયેલા મની લોન્ડરિંગ કેસમાં જામીન આપ્યા. જોકે, પાઉલોસને તાત્કાલિક જેલમાંથી મુક્ત કરવામાં આવશે નહીં. તેણી જેલમાં રહેશે, કારણ કે કોર્ટે મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ હેઠળ દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા દાખલ કરાયેલા સંબંધિત કેસમાં તેમની જામીન અરજી ફગાવી દીધી હતી.

જસ્ટિસ પ્રતીક જાલાને બે કેસમાં પાઉલોસની જામીન અરજી પર પોતાનો ચુકાદો આપ્યો. કોર્ટે કહ્યું, "મેં એમસીઓસીએ હેઠળના કેસમાં જામીન અરજી ફગાવી દીધી છે. તેણીને ફક્ત બીજા મની લોન્ડરિંગ કેસમાં જ જામીન આપવામાં આવ્યા છે." દિલ્હી પોલીસે આરોપ લગાવ્યો હતો કે પાઉલોસના પતિ ચંદ્રશેખરે રેનબેક્સીના ભૂતપૂર્વ પ્રમોટરો, શિવિન્દર સિંહ અને માલવિન્દર સિંહની પત્નીઓ સાથે ૨૦૦ કરોડની છેતરપિંડી કરી હતી.

સુકેશ ચંદ્રશેખર પર કાયદા મંત્રાલયના અધિકારી તરીકે ઓળખાણ આપવાનો આરોપ છે, અને એવો આરોપ છે કે બંને મહિલાઓએ તેમના પતિઓને જામીન મેળવવા માટે તેમને કરોડો રૂપિયા ચૂકવ્યા હતા. લીના પાઉલોસ પર પણ કથિત ગુનામાં સંડોવણીનો આરોપ હતો અને ૨૦૨૧ માં ખંડણીના આરોપસર તેમની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૨૪ માં દાખલ કરાયેલી અરજીમાં, લીના પાઉલોસે ટ્રાયલમાં વિલંબ, ત્રણ વર્ષથી વધુની જેલ અને અન્ય સહ-આરોપીઓને જામીન આપવાનો ઉલ્લેખ કરીને જામીન માંગ્યા હતા.લીના પાઉલોસ સામે વિવિધ કલમો હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા છે.ઈઓડબ્લ્યુએ લીના પાઉલોસ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૦, ૧૮૬, ૩૮૪, ૩૮૬, ૩૮૮, ૪૧૯, ૪૨૦, ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૮, ૪૭૧, ૩૫૩, ૫૦૬, ૧૨૦બ, માહિતી ટેકનોલોજી અધિનિયમની કલમ ૬૬ઙ અને મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ, ૧૯૯૯ની કલમ ૩ અને ૪ હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી. ઈડીએ લીના પાઉલોસ, તેના પતિ સુકેશ ચંદ્રશેખર અને અન્ય લોકો પર શેલ કંપનીઓ બનાવવા અને ગુનામાંથી મળેલી રકમ જમા કરાવવા માટે હવાલા માર્ગનો ઉપયોગ કરવાનો આરોપ લગાવતા સંબંધિત મની લોન્ડરિંગ કેસ પણ દાખલ કર્યો હતો.

# કિઆરાએ ટોક્સિકમાં બોલ્ડ સીન ઓછા કરવાની વાતને ફગાવી દીધી



કિયારા અડવાણીએ આખરે 'ટોક્સિકઃ અ ફેરી ટેલ ફોર ગ્રોન-અપ્સ' વિશે ફેલાયેલી અફવાઓ પર કડક પ્રતિસાદ આપતાં સ્પષ્ટતા કરી છે. એવા અહેવાલો હતાં કે કિઆરાએ યશ સાથેના રોમેન્ટિક સીનમાં અસહજ હોવાનું કહીને તેને ઘટાડવા માટે મેકર્સને જણાવ્યું છે. આ અંગેના અહેવાલો મુજબ, ગીતા મોહનદાસ દ્વારા નિર્દેશિત આ ફિલ્મની રિલીઝમાં વારંવાર ફેરફાર થયાં છે, પરંતુ તે સતત ચર્ચામાં રહી છે. તાજેતરમાં 'ઈન્ડસ્ટ્રી બઝ' પર આધારિત અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે કિયારા અડવાણીએ યશ સાથેના એક રોમેન્ટિક સીનને લઈને અસહજતા વ્યક્ત કરી હતી. આ અહેવાલ મુજબ, કિયારાએ આ સીન માટે શૂટિંગ કર્યું હતું ત્યારે તેને ખાતરી અપાઈ હતી કે તે તેના કમ્ફર્ટ ઝોનમાં રહેશે. પરંતુ પછી આઉટપુટ જોઈને તેણે પોતાનો વિચાર બદલી અને સીનને કાપવા કે ઓછો કરવા માટે કહ્યું.આ વાત સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાઈ ગઈ. જ્યારે કિયારા અડવાણી એ ઈન્સ્ટાગ્રામ પર આ સંબંધિત પોસ્ટ જોઈ, ત્યારે તેણે તેને ફરી શેર કરી અને સીધું લખ્યું — "બિલકુલ બેકાર!'' એટલે કે સંપૂર્ણ બકવાસ. તેણે આ અફવાઓને પૂરેપૂરી રીતે નકારી કાઢી છે.ફિલ્મની વાત કરીએ તો, ટોક્સિક ડિસેમ્બર ૨૦૨૩માં જાહેર થઈ હતી અને તેનું શૂટિંગ ઑગસ્ટ ૨૦૨૪થી ઑક્ટોબર ૨૦૨૫ વચ્ચે થયું હતું. ફિલ્મ પહેલેથી જ ઘણી વખત મુલતવી રાખવામાં આવી છે. પહેલાં એપ્રિલ ૧૦, ૨૦૨૫ની રિલીઝ ડેટ નક્કી હતી, પછી ૨૦૨૬માં ખસેડાઈ અને પછી માર્ચ ૧૯, ૨૦૨૬ માટે નક્કી થઈ, પરંતુ પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે ફરી મુલતવી રાખવામાં આવી.તાજેતરમાં ફિલ્મના પ્રમોશનલ મટિરિયલને લઈને પણ ચર્ચા થઈ હતી, ખાસ કરીને તેના સેન્સ્યુઅલ સીનને લઈને. એક ઈન્ટરવ્યુ દરમિયાન યશે ગીતા મોહનદાસ વિશે વાત કરતાં કહ્યું કે તે ખૂબ જ સ્પષ્ટ વિચારો ધરાવે છે અને પોતાનાં કામ વિશે મજબુત અભિપ્રાયો ધરાવે છે. તેણે એમ પણ કહ્યું કે ફિલ્મમાં રોમાન્સ અને ભાવનાઓને એક સ્ત્રીનાં દ્રષ્ટિકોણથી રજૂ કરવાની રીત અલગ હોય છે.ટોક્સિકઃ અ ફેરિ ટેલ ફોર ગ્રોન-અપ્સ કન્નડ-ઈંગ્લિશ ફિલ્મ છે, જેમાં યશ ડબલ રોલમાં જોવા મળશે અને કિયારા નાદિયા નામના પાત્રમાં છે. ફિલ્મમાં નયનતારા, હુમા કુરેશી, તારા સુતારિયા અને રુકમિણી વસંત પણ મહત્વના રોલમાં છે.

# વૈભવ સૂર્યવંશીએ તોડ્યો અભિષેકનો રેકોર્ડ, બન્યો આ પરાક્રમ કરનાર વિશ્વનો પ્રથમ બેટ્સમેન



ભારતીય ક્રિકેટમાં જ્યારે પણ કોઈ યુવા ખેલાડીની સફળતાની કહાની લખાશે ત્યારે 17 મે 2026નો દિવસ સોનેરી અક્ષરોમાં યાદ કરવામાં આવશે. માત્ર 15 વર્ષની ઉંમરે જ્યારે મોટાભાગના બાળકો અભ્યાસ અને ભવિષ્યની તૈયારીમાં વ્યસ્ત હોય છે ત્યારે બિહારના પ્રતિભાશાળી ખેલાડી વૈભવ સૂર્યવંશીએ IPLના ઈતિહાસમાં પોતાનું નામ અમર બનાવી દીધું છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે રમાયેલી મેચમાં વૈભવે એવું કારનામું કર્યું જેની સીઝનની શરૂઆતમાં કોઈએ કલ્પના પણ નહોતી કરી. રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા આ ડાબોડી યુવા બેટ્સમેને એક IPL સીઝનમાં કોઈપણ ભારતીય બેટ્સમેન દ્વારા સૌથી વધુ સિક્સ મારવાનો ઐતિહાસિક રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

આ મેચ પહેલા વૈભવ સૂર્યવંશીને સનરાઈઝર્સ હૈદરાબાદના વિસ્ફોટક ઓપનર અભિષેક શર્માનો રેકોર્ડ તોડવા માટે માત્ર ત્રણ સિક્સની જરૂર હતી. અભિષેક શર્માએ 2024ની સીઝનમાં તોફાની બેટિંગ કરીને 16 મેચમાં કુલ 42 સિક્સ ફટકારી હતી. વૈભવે આ સીઝનમાં જે રીતે આક્રમક ક્રિકેટ રમ્યું છે તેને જોતા રવિવારે જ આ રેકોર્ડ તૂટશે તેવી પૂરી શક્યતા હતી અને એવું જ થયું.

દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં ઈનિંગની પાંચમી ઓવરમાં વૈભવ સૂર્યવંશી પૂરા રંગમાં જોવા મળ્યા. તે સમયે બોલિંગ ત્રિપુર્ણા વિજય કરી રહ્યા હતા. ઓવરની છેલ્લી બોલ પર વૈભવે જોરદાર શોટ ફટકારતા બોલ સીધો બાઉન્ડ્રી પાર ગયો. આ તેમની ઈનિંગની ત્રીજી અને આ સીઝનની કુલ 43મી સિક્સ હતી. આ સાથે તેમણે અભિષેક શર્માના 42 સિક્સના રેકોર્ડને પાછળ છોડીને નવો ઈતિહાસ રચ્યો. વૈભવની આ સિદ્ધિની સૌથી ખાસ વાત એ છે કે તેમણે આ રેકોર્ડ ખૂબ ઓછા મેચોમાં બનાવ્યો છે. અભિષેક શર્માએ 42 સિક્સ માટે 16 મેચ રમી હતી, જ્યારે વૈભવે માત્ર 12 મેચમાં જ 43 સિક્સ ફટકારી દીધી. હાલમાં તેઓ IPL 2026માં રાજસ્થાન રોયલ્સ માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન પણ છે. તેમની સતત સારું પ્રદર્શન કરવાની ક્ષમતા અને નિર્ભય બેટિંગ સ્ટાઈલ આ આંકડામાં સ્પષ્ટ જોવા મળે છે. અનુભવી બોલરો સામે પણ વૈભવે ડર્યા વગર આક્રમક બેટિંગ કરીને દરેક મેદાનમાં બોલને બાઉન્ડ્રી બહાર પહોંચાડ્યો છે.

આ ઐતિહાસિક સિક્સ સાથે વૈભવ સૂર્યવંશીએ ભારતના ઘણા દિગ્ગજ બેટ્સમેનોને પાછળ છોડી દીધા છે. હવે IPLની એક સીઝનમાં સૌથી વધુ સિક્સ મારનાર ભારતીય ખેલાડીઓની યાદીમાં વૈભવ 43 સિક્સ સાથે ટોચ પર છે, જ્યારે અભિષેક શર્મા 2024ની સીઝનમાં મારેલી 42 સિક્સ સાથે બીજા સ્થાને પહોંચી ગયા છે. ત્રીજા સ્થાને શ્રેયસ અય્યર છે, જેમણે 2025માં પંજાબ કિંગ્સ માટે રમતા 17 મેચમાં 39 સિક્સ ફટકારી હતી. વિરાટ કોહલી પણ હવે વૈભવથી પાછળ રહી ગયા છે. કોહલીએ 2016માં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ માટે રમતા 16 મેચમાં 38 સિક્સ મારી હતી અને 2024માં પણ 15 મેચમાં 38 સિક્સ ફટકારી હતી. મુંબઈ ઈન્ડિયન્સના સ્ટાર બેટ્સમેન સુર્યકુમાર યાદવે પણ 2025માં 16 મેચમાં 38 સિક્સ મારી હતી.

આ ઉપરાંત દિલ્હી કેપિટલ્સના કેપ્ટન ઋષભ પંતે 2018માં 14 મેચમાં 37 સિક્સ ફટકારી હતી. રસપ્રદ વાત એ છે કે અભિષેક શર્મા 2026ની સીઝનમાં પણ શાનદાર ફોર્મમાં છે અને અત્યાર સુધી 12 મેચમાં 37 સિક્સ મારી ચૂક્યા છે પરંતુ વૈભવ હાલમાં તેમના કરતાં ઘણી આગળ છે. ચેન્નાઈ સુપર કિંગ્સના શિવમ દુબેએ પણ 2023માં 16 મેચમાં 35 સિક્સ ફટકારી હતી. આવા મોટા નામો વચ્ચે માત્ર 15 વર્ષના વૈભવ સૂર્યવંશીનું ટોચ પર પહોંચવું ભારતીય ક્રિકેટમાં આવી રહેલા બદલાવ અને નવી પેઢીની પ્રતિભાને દર્શાવે છે.



# BCCI હવે RTIના કાર્યક્ષેત્ર હેઠળ નથી, CICએ પોતાનો નિર્ણય ઉલટાવ્યો

BCCI અંગે એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ મામલો 2018નો છે, અને BCCIને RTI (માહિતી અધિકાર) કાયદા હેઠળ લાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. હવે એક નવો નિર્ણય લેવામાં આવ્યો છે, જે સ્પષ્ટ કરે છે કે BCCIને RTI કાયદા હેઠળ લાવવું યોગ્ય રહેશે નહીં.

**CICએ અગાઉ બીસીસીઆઈ અંગે આ નિર્ણય આપ્યો :** 2018 માં CIC (સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશન) એ BCCI અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો. તેમાં કહેવામાં આવ્યું હતું કે તેને માહિતી અધિકાર કાયદા હેઠળ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું હતું કે BCCI એક જાહેર સત્તા છે. BCCI ટીમ રાષ્ટ્ર, ભારતનું પ્રતિનિધિત્વ કરે છે, કારણ કે ખેલાડીઓની જર્સી પર દેશનું નામ છે. તેને કોઈને કોઈ સ્વરૂપમાં સરકારી સમર્થન પણ મળે છે.

તે પહેલાં એક અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં પૂછવામાં આવ્યું હતું કે BCCI ટીમ ઈન્ડિયા છે કે ટીમ BCCI. બીજા શબ્દોમાં કહીએ તો BCCI દ્વારા પસંદ કરાયેલી ટીમ BCCIની ટીમ છે કે ભારતીય ટીમ. CICએ જણાવ્યું હતું કે BCCI એ જનતા પ્રત્યે જવાબદાર હોવું જોઈએ કારણ કે તે મિલકત હસ્તગત કરે છે.

**હવે કોર્ટના આદેશ પર ફરીથી નિર્ણય બદલવામાં આવ્યો :** જવાબમાં, BCCI એ જણાવ્યું હતું કે તે એક સ્વાયત્ત અને ખાનગી સંસ્થા છે. બોર્ડે આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો હતો, જેને BCCI એ કોર્ટમાં પડકાર્યો હતો. ગયા વર્ષે મદ્રાસ હાઈકોર્ટે આ મામલો CIC ને પાછો મોકલ્યો હતો, અને સુપ્રીમ કોર્ટના અગાઉના નિર્ણયોના પ્રકાશમાં આ બાબત પર પુનર્વિચાર કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ અંતિમ નિર્ણય આજે સામે આવ્યો છે. માહિતી કમિશનરે આજે જણાવ્યું હતું કે BCCI RTI કાયદાની કલમ 2(h) હેઠળ જાહેર સત્તા નથી. તેથી આ કાયદા હેઠળ માહિતી શેર કરવા માટે સંસ્થા બંધાયેલી નથી.

**જૂના અને ઐતિહાસિક નિર્ણયોનો આશરો લેવો :** તમને જણાવી દઈએ કે કમિશનર પીઆર રમેશે તેમના નિર્ણયને સમર્થન આપવા માટે સુપ્રીમ કોર્ટના ઘણા જૂના અને ઐતિહાસિક નિર્ણયો ટાંક્યા. એવું કહેવામાં આવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે લોઢા સમિતિ હેઠળ બીસીસીઆઈમાં પારદર્શિતા અને સુધારા માટે હાકલ કરી હતી, પરંતુ કોર્ટે બીસીસીઆઈને જાહેર સત્તા જાહેર કરી નથી.

**રમતગમત મંત્રાલય પાસે RTI આવી :** ભારતીય રમતગમત મંત્રાલયને એક RTI વિનંતી મળી હતી. મંત્રાલયે જવાબ આપ્યો કે તેમની પાસે વિનંતી કરેલી માહિતી નથી અને તેઓ તેને BCCI ને ટ્રાન્સફર કરી શકતા નથી, કારણ કે BCCI RTI કાયદા દ્વારા આવરી લેવામાં આવતું નથી. આ પછી મામલો આગળ વધ્યો. આખરે કમિશને સ્વીકાર્યું કે જ્યારે ઘણીવાર એવું કહેવામાં આવે છે કે સરકારી નિયંત્રણમાં વધારો થવાથી સંસ્થાઓની કામગીરીમાં સુધારો થાય છે, BCCIનો ઈતિહાસ અલગ છે.

# IPLમાં કેચ ડ્રોપ જોઈ ગુસ્સે થયો મોહમ્મદ કૈફ, કહી આ વાત

મોહમ્મદ કૈફે IPL 2026માં ખેલાડીઓની નબળી ફિલ્ડિંગ પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરે જણાવ્યું હતું કે આ સિઝનમાં કેચ છોડવાનો અને મિસફિલ્ડિંગનો સતત પ્રવાહ જોવા મળ્યો છે. પોતાના રમતના દિવસોમાં ઉત્તમ ફિલ્ડિંગ માટે પ્રખ્યાત કૈફે તાજેતરના પ્રદર્શન પર પ્રતિક્રિયા આપતા કડક વલણ અપનાવ્યું હતું.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટરે પોતાના ભૂતપૂર્વ હેન્ડલ પર બોલતા કહ્યું, આ IPLમાં ફિલ્ડિંગ જોવું દુઃખદાયક છે. આજે, યશ રાજે કેએલ રાહુલને શૂન્ય પર છોડી દીધો હતો ત્યારે તેણે તેને ડ્રોપ કર્યો હતો. વૈભવ સૂર્યવંશીએ પણ મિસફિલ્ડિંગ કર્યું હતું. આ યુવા ખેલાડીએ આખી સિઝનમાં એક પણ કેચ લીધો નથી. જો તે ભારત માટે રમવા માંગે છે, તો તેણે તેની ફિલ્ડિંગમાં વધુ તીક્ષ્ણ અને સતર્ક રહેવું પડશે. યુવા ખેલાડીઓને ફિલ્ડિંગ કૌશલ્ય શીખવવાની જવાબદારી કોચની છે. ખેલાડીઓએ ફિલ્ડિંગનો આનંદ પણ માણવો જોઈએ અને તેના પર ગર્વ અનુભવવો જોઈએ.

અરુણ જેટલી સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સ દિલ્હી કેપિટલ્સ સામે પાંચ વિકેટથી હારી ગયા બાદ કૈફની ટિપ્પણી આવી હતી. રવિવારે, રાજસ્થાન રોયલ્સ દિલ્હી કેપિટલ્સ સામેની મહત્વપૂર્ણ મેચમાં હારનો સામનો કરી રહી હતી. દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સને પાંચ વિકેટથી હરાવ્યું. આ મેચમાં રાજસ્થાન રોયલ્સે ખૂબ જ ખરાબ ફિલ્ડિંગ જોવા મળી હતી. રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગે સ્વીકાર્યું કે ખરાબ ફિલ્ડિંગ અને બોલિંગમાં સાતત્યના અભાવે તેમની ટીમ પર અસર કરી. તેમણે કહ્યું, “તે ખૂબ જ ખરાબ પ્રદર્શન હતું. આજે આપણે વધુ સારું રમવું જોઈતું હતું. હું ખૂબ જ નિરાશ છું. રાજસ્થાન રોયલ્સ 12 મેચ પછી 12 પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા સ્થાને છે. પ્લેઓફમાં પહોંચવા માટે, રાજસ્થાનને તેમની બાકીની બંને મેચ જીતવી પડશે. રાજસ્થાન રોયલ્સની આગામી બે મેચ લખનૌ સુપર જાયન્ટ્સ અને મુંબઈ ઈન્ડિયન્સ સામે છે.

# શું MS ધોની લેશે સંન્યાસ? CSK vs SRH બાદ IPLમાં નવાજૂનીના સંકેત

IPL 2026માં ચેન્નાઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે ચેપોક સ્ટેડિયમમાં મહત્વપૂર્ણ મેચ રમાવાની છે. પરંતુ આ મેચ માત્ર બે ટીમો વચ્ચેની નથી, પરંતુ મહેન્દ્ર સિંહ ધોનીના IPL કરિયરની છેલ્લી મેચ બની શકે છે તેવી ચર્ચાઓએ ક્રિકેટ જગતમાં ઉત્સુકતા વધારી દીધી છે. ચાહકોમાં સૌથી મોટો સવાલ એ છે કે શું “થાલા” હવે પોતાના ચાહકોને અંતિમ સલામ આપશે? જોકે હજુ સુધી ધોની કે CSK તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ મેચ પહેલા બનેલી કેટલીક ઘટનાઓ નિવૃત્તિ તરફ ઈશારો કરી રહી છે.



ધોનીએ વર્ષ 2021 દરમિયાન CSKના એક કાર્યક્રમમાં પોતાના ભવિષ્ય વિશે વાત કરતાં કહ્યું હતું કે તે હંમેશા આયોજન સાથે ક્રિકેટ રમે છે. તેણે કહ્યું હતું કે તેણે પોતાની છેલ્લી ODI રાંચીમાં રમી હતી અને તેની ઈચ્છા છે કે પોતાની છેલ્લી T20 મેચ ચેન્નાઈમાં રમે. હવે આ વાતને 5 વર્ષ વીતી ગયા છે અને IPL 2026માં ચેપોક પર રમાનારી આ મેચ CSK માટે હોમ ગ્રાઉન્ડ પરની છેલ્લી મેચ છે. તેથી ચાહકો હવે માનવા લાગ્યા છે કે કદાચ ધોની હવે પોતાની જ કહેલી વાતને સાકાર કરશે.

SRH સામેની મેચ પહેલા ધોનીને ચેપોકના નેટ સેશનમાં લાંબા સમય સુધી મહેનત કરતા જોવામાં આવ્યો હતો. સોશિયલ મીડિયા પર તેની પ્રેક્ટિસના વીડિયો વાયરલ થયા બાદ નિવૃત્તિની અટકળો વધુ તેજ બની ગઈ છે. ઘણા ચાહકો માને છે કે ધોની આ ખાસ મેચ માટે પોતાને સંપૂર્ણ રીતે તૈયાર કરી રહ્યો છે. બીજી તરફ, IPL શરૂ થાય તે પહેલાંથી જ ક્રિકેટ નિષ્ણાતો ધોનીની આ છેલ્લી સિઝન હોવાની શક્યતા વ્યક્ત કરી રહ્યા છે. ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર અને ધોનીના નજીકના મિત્ર મોહમ્મદ કૈફે પણ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ચેપોક મેચ ધોનીની છેલ્લી IPL મેચ બની શકે છે. કૈફે કહ્યું હતું કે તેને આશા છે કે ધોની આ મેચ રમશે અને પછી ચાહકોને યાદગાર ક્ષણ આપીને નિવૃત્તિ જાહેર કરશે. કૈફના આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર “Thank You Dhoni” અને “Last Dance at Chepauk” જેવા હેશટેગ ટ્રેન્ડ થવા લાગ્યા છે. આ દરમિયાન, ધોનીના સૌથી નજીકના મિત્ર અને પૂર્વ CSK સ્ટાર સુરેશ રૈના પણ ચેન્નાઈ પહોંચ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. કહેવાઈ રહ્યું છે કે રૈના આ ખાસ ક્ષણનો ભાગ બનવા માટે ચેપોકમાં હાજર રહી શકે છે. આ સમાચાર પછી ધોનીની નિવૃત્તિ અંગેની ચર્ચાઓ વધુ વેગવંતી બની ગઈ છે. જો ખરેખર ધોની આ મેચ બાદ IPLમાંથી નિવૃત્તિ લે છે, તો ચેપોક સ્ટેડિયમમાં એક ભાવુક અને ઐતિહાસિક ક્ષણ જોવા મળી શકે છે, કારણ કે કરોડો ચાહકો માટે ધોની માત્ર ખેલાડી નહીં પરંતુ એક લાગણી છે.

# હાર બાદ પ્રીતિ ઝિન્ટા દેખાઈ ઉદાસ, શ્રેયસ ઐયર સાથેની ભાવુક તસવીર થઈ વાયરલ

IPL 2026માં મજબૂત શરૂઆત કરનાર પંજાબ કિંગ્સ હવે પ્લેઓફની દોડમાંથી લગભગ બહાર થઈ ગઈ હોય તેવું લાગે છે. સિઝનના પહેલા ભાગમાં સતત જીત સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહેલી આ ટીમ હવે સતત હાર બાદ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની હાર બાદ, પંજાબ કિંગ્સની સહ-માલિક પ્રીતિ ઝિન્ટાનો હતાશ ચહેરો સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો. મેચ બાદ પ્રીતિ ઝિન્ટા કેપ્ટન શ્રેયસ ઐયર સાથે લાંબી વાતચીત કરતી જોવા મળી. તેના ચહેરા પર નિરાશા સ્પષ્ટ દેખાઈ રહી હતી. આ ક્ષણથી ચાહકો પણ ખુશ થયા હતા, કારણ કે પંજાબ કિંગ્સની સતત હારથી સમગ્ર ટીમનું મનોબળ ઘણું ઓછું થઈ ગયું છે. ધર્મશાલામાં રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે પંજાબ કિંગ્સને 23 રનથી હરાવીને પ્લેઓફમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું. પહેલા બેટિંગ કરતા, RCB એ 222 રનનો વિશાળ સ્કોર બનાવ્યો. વિરાટ કોહલી અને કેપ્ટન શ્રેયસ ઐયરે ટીમ માટે શાનદાર અડધી સદી ફટકારી. લક્ષ્યનો પીછો કરતા, પંજાબ કિંગ્સની શરૂઆત ખરાબ રહી. ટોચના ક્રમના બેટ્સમેન મોટી ભાગીદારી બનાવવામાં નિષ્ફળ ગયા. શશાંક સિંહે 57 રનની લડાયક ઈનિંગ્સ રમી હોવા છતાં, તે ટીમને વિજય તરફ દોરી શક્યો નહીં. પંજાબ ફક્ત 199 રન સુધી પહોંચી શક્યું. પંજાબ કિંગ્સ પાસે હવે 13 મેચમાંથી 13 પોઈન્ટ છે, જેમાં ફક્ત એક મેચ બાકી છે. જો પંજાબ છેલ્લી મેચ જીતી જાય તો પણ તેઓ મહત્તમ 15 પોઈન્ટ સુધી પહોંચી શકશે. બીજી તરફ, રાજસ્થાન રોયલ્સ, ચેન્નાઈ સુપર કિંગ્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ જેવી ટીમો 16 પોઈન્ટ સુધી પહોંચી શકે છે. આનો અર્થ એ થયો કે પંજાબે હવે ફક્ત પોતાની જીત પર જ નહીં પરંતુ અન્ય ટીમોના પરિણામો પર પણ આધાર રાખવો પડશે. શ્રેણીબદ્ધ હારથી ટીમનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે. મેચ પછી પ્રીતિ ઝિન્ટા અને શ્રેયસ ઐયરની વાતચીતના ફોટા સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયા. ચાહકો પણ સંમત થયા કે ટીમની હારનું દુઃખ તેમના ચહેરા પર સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું. પંજાબ કિંગ્સ માટે, આ સિઝન આશા સાથે શરૂ થઈ અને નિરાશામાં સમાપ્ત થઈ.



# શું છીનવાઈ જશે ઋષભ પંતની વાઈસ કેપ્ટનશીપ? ટીમ ઈન્ડિયામાં મોટા ફેરફારના સંકેત!

ટીમ ઈન્ડિયાના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંતને ટૂંક સમયમાં મોટો ઝટકો લાગી શકે છે. સમાચાર એજન્સીના અહેવાલ મુજબ, ભારતીય પસંદગીકારો તેમને ટેસ્ટ ટીમના વાઈસ કેપ્ટનશીપ પદેથી દૂર કરવા પર ગંભીરતાથી વિચાર કરી રહ્યા છે. ટીમ મેનેજમેન્ટનું માનવું છે કે વધારાની જવાબદારી પંતની બેટિંગ અને નિર્ણય લેવાની ક્ષમતા પર પ્રતિકૂળ અસર કરી રહી છે.

રોહિત શર્માના ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ શુભમન ગિલને સૌથી લાંબા ફોર્મેટમાં ભારતીય ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો, જ્યારે ઋષભ પંતને ઉપ-કેપ્ટનની જવાબદારી સોંપવામાં આવી હતી. જોકે, આવતા મહિને અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચ પહેલા તેમની ભૂમિકા પર સવાલ ઉભા થવા લાગ્યા છે. પસંદગી સમિતિને લાગે છે કે નેતૃત્વનો ભાર ઋષભ પંતના પ્રાકૃતિક રમત પર અસર કરી રહ્યો છે.




એક મીડિયા રિપોર્ટમાં કહેવામાં આવ્યું, કે “ભારતીય ક્રિકેટ ઋષભ પંત જેવા મેચ વિજેતા ખેલાડીને ગુમાવવાનું પોસાય તેમ નથી. જ્યારે પણ તેને વધારાની જવાબદારી સોંપવામાં આવી છે, ત્યારે તેની અસર તેની બેટિંગ અને નિર્ણય લેવાની ક્ષમતા પર સ્પષ્ટ થઈ છે.” સૂત્રોના જણાવ્યા અનુસાર, પસંદગીકારો ઈચ્છે છે કે, પંત કોઈપણ દબાણથી મુક્ત રહીને ફક્ત તેની આક્રમક રમત શૈલી પર ધ્યાન આપે.

ઋષભ પંત નવેમ્બર 2025માં દક્ષિણ આફ્રિકા સામે શુભમન ગિલની ગેરહાજરીમાં ગુવાહાટી ટેસ્ટ દરમિયાન પહેલી વાર ભારતીય ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું. જોકે, તે મેચમાં ટીમ ઈન્ડિયાને 408 રનથી શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. ત્યારથી, તેમની કેપ્ટનશીપ અને નિર્ણયો અંગે સતત પ્રશ્નો ઉભા થયા છે.

2025માં ઋષભ પંતે 7 ટેસ્ટ મેચોમાં 629 રન બનાવ્યા. આ સમયગાળા દરમિયાન તેણે બે સદી અને ચાર અડધી સદી પણ નોંધાવી. જોકે, ઈંગ્લેન્ડ સામેની બે મહત્વપૂર્ણ ઈનિંગ્સ સિવાય, તે બાકીની મેચોમાં અપેક્ષાઓ મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયો. દક્ષિણ આફ્રિકા સામેની સીરિઝમાં તેનું બેટ પૂરી રીતે શાંત રહ્યું. તે સીરિઝમાં પંતનો સ્કોર 27, 2, 7 અને 13 રહ્યો.

જો ઋષભ પંત પાસેથી વાઈસ કેપ્ટનશી છીનવી લેવામાં આવે તો, કેએલ રાહુલ ટીમ મેનેજમેન્ટ માટે એક મુખ્ય વિકલ્પ બની શકે છે. રાહુલ ભૂતકાળમાં ટીમનું નેતૃત્વ કરી ચૂક્યો છે, અને ટેસ્ટ ટીમમાં તેમનું સ્થાન લગભગ નક્કી માનવામાં આવે છે. રિપોર્ટ્સ અનુસાર, અજિત અગરકરના નેતૃત્વ હેઠળની પસંદગી સમિતિ 19 મેના રોજ ગુવાહાટીમાં મળશે. અહીં અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચ માટે ટીમની પસંદગીની સાથે ઋષભ પંતના વાઈસ કેપ્ટનશી પદને લઈ મોટો નિર્ણય લેવામાં આવી શકે છે.

# અનિલ કુંબલેના પુત્રએ પૂરું કર્યું બાળપણનું વચન, આ મોટી સિદ્ધિ જોઈ માતા પિતા થયા ભાવુક



કેટલાક લોકો પોતાનું આખું જીવન પોતાને સમજવામાં જીવનમાં શું કરવા અને બનવા માંગે છે તે સમજવામાં વિતાવે છે. દરમિયાન, અન્ય લોકો બાળપણમાં જ તેમના જીવનનો હેતુ શોધી કાઢે છે, તેઓ શું બનવા માંગે છે તે નક્કી કરે છે. ભારતના મહાન લેગ-સ્પિનર અનિલ કુંબલેના પુત્ર માયાસની વાર્તા પણ આવી જ છે. માયાસ કુંબલેએ ત્રણ વર્ષની ઉંમરે નક્કી કર્યું હતું કે તે શું બનવા માંગે છે. તે પોતાના જીવનમાં શું કરવા માંગે છે. તેણે તેના માતાપિતાને તે સમયે જ તેના ધ્યેય વિશે જણાવ્યું હતું. અનિલ કુંબલે અને તેની પત્ની ચેતના, તે સમયે તેમના પુત્ર પર વિશ્વાસ કરતા ન હતા. પરંતુ હવે, જ્યારે તેણે પોતાનું વચન પૂરું કર્યું છે, ત્યારે તેઓ ખુબજ ખુશ થયા હતા. અનિલ કુંબલેનો પુત્ર માયાસ એન્જિનિયર બનવા માંગતો હતો. ત્રણ વર્ષની નાની ઉંમરે, તેણે ફક્ત આ વાત પોતાના મનમાં સ્થાપિત કરી ન હતી, પરંતુ તેના માતાપિતાને પણ કહી દીધી હતી. તેને આ ધ્યેય વિશે કોઈ શંકા નહોતી. અનિલ કુંબલે એન્જિનિયર બન્યા પછી તેની પત્નીએ તેના પુત્રના ઈરાદાઓ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં શેર કર્યા હતા. ચેતના કુંબલેએ પોતાની પોસ્ટમાં લખ્યું, હું એન્જિનિયર બનીશ, તેણે એ આત્મવિશ્વાસ સાથે કહ્યું જે ફક્ત એક બાળક જ રાખી શકે છે. તેણીએ વધુમાં ઉમેર્યું કે 3 વર્ષની ઉંમરે, તે પોતાના નાના હાથે એક સાધન ઉપાડતો અને આત્મવિશ્વાસથી જાહેર કરતો કે એક દિવસ તે એક નવું સ્કૂટર બનાવશે. 7 વર્ષની ઉંમરે, તેના સપના મોટા થઈ ગયા હતા. તે હવે કાર ડિઝાઈન કરવાની વાત કરતો. તે ગર્વથી જાહેર કરતો કે તે કારનું નામ MAK રાખશે. અહીં MAK મારા અનિલ કુંબલેનો ઉલ્લેખ કરે છે. અનિલ કુંબલેની પત્નીએ પોતાની પોસ્ટમાં આગળ લખ્યું કે માતાપિતા તરીકે, આપણે બાળપણના સપનાઓ પર સ્મિત કરીએ છીએ. આપણે વિચારીએ છીએ કે આગળ શું છે. પરંતુ આજે, તેને એન્જિનિયર તરીકે સ્નાતક થતા જોઈને, મને કંઈક સુંદર ખ્યાલ આવે છે: ક્યારેક બાળકો જાણે છે કે તેઓ કોણ છે અને દુનિયા શું કરે છે તે પહેલાં. ચેતના કુંબલેએ કહ્યું, મારા દીકરાને તેના હૃદયમાં હેતુ સાથે એન્જિનિયર બનતો જોવો એ મારા જીવનનો સૌથી મોટો આનંદ છે. મને તેના પર ખૂબ ગર્વ છે. જે નાના છોકરાએ કહ્યું હતું કે, હું એન્જિનિયર બનીશ,' તેણે પોતાનું વચન પાળ્યું છે.

# RJ મહવશે ટીમ ઈન્ડિયાના સ્ટાર ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલને કેમ કર્યો અનફોલો?

આરજે મહવશ અને ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલને લઈને પહેલા ડેટિંગના સમાચાર સામે આવ્યા હતા, જ્યારે ધનશ્રી વર્મા સાથે ચહલના છૂટાછેડા થયા હતા. જોકે, બંનેએ વારંવાર ડેટિંગની અફવાઓનું ખંડન કર્યું અને કહ્યું કે તેઓ માત્ર મિત્રો છે, પરંતુ ઘણી વખત સાથે જોવા મળતા અટકળો તેજ થઈ હતી. ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કર્યા બાદ ફેન્સે બ્રેકઅપની વાતો શરૂ કરી હતી. મહિનાઓ પછી મહેવશે આખરે આ અફવાઓ પર સ્પષ્ટતા કરી અને અનફોલો કરવાનું અસલી કારણ જણાવ્યું.





પિંકવિલા સાથે વાત કરતા RJ મહેવશે કહ્યું, લોકોની આદત હોય છે કે તેઓ નાની વાતનું વતેસર કરી દે છે. જ્યારે તમે પોતે આ સમયમાંથી પસાર થાઓ છો ત્યારે આ કોઈ એટલી મોટી વાત નથી લાગતી. જેમ કે બે મિત્રો વચ્ચે કોઈ દલીલ થઈ અને તેમણે એકબીજાને ફોલો-અનફોલો કરી દીધા અને વાત ત્યાં જ પૂરી થઈ જાય છે. હકીકતમાં જ્યારે તમે તમારા મિત્રો સાથે નિઃસંકોચ થઈને કોઈ પણ વાત કરી શકો છો, ત્યારે તમારે તેમના પ્રત્યે કોઈ મનદુઃખ રાખવું જોઈએ નહીં. તેથી હું હંમેશા તેમના માટે શુભેચ્છાઓ પાઠવીશ. આમાં કોઈ એટલી મોટી વાત નથી.

પોતાના સંબંધોને લઈને ચાલી રહેલી અટકળોનો જવાબ આપતા RJ મહવશે સ્પષ્ટ કર્યું કે તે ક્યારેય ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલને ડેટ કરી રહી નહોતી, પરંતુ તેમના જીવનના મુશ્કેલ સમયમાં તે માત્ર તેમની એક નજીકની મિત્ર હતી. તેણે જણાવ્યું કે ધનશ્રી સાથેના છૂટાછેડા દરમિયાન ચહલને સાચા સાથની જરૂર હતી અને તે તેમનું ધ્યાન IPL સીઝન તરફ દોરી રહી હતી. મહેવશે વધુમાં કહ્યું કે તે એક આધાર બનીને તેમની સાથે ઉભી રહી અને ભવિષ્યમાં પણ નિડરતાથી તેમનો સાથ આપતી રહેશે. મહવશ અને ચહલની ડેટિંગની અફવાઓ સૌથી પહેલા ત્યારે ફેલાવવાની શરૂ થઈ હતી જ્યારે ક્રિકેટરના લગ્ન કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા સાથે મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યા હતા. IPL 2025 ટુર્નામેન્ટ દરમિયાન મહવશ ને યુઝવેન્દ્ર ચહલની ટીમ પંજાબ કિંગ્સની લગભગ દરેક મેચમાં જોવામાં આવી હતી.

# ગુજરાતના સ્ટૂડેંટ્સ માટે ઈટીએસનું મોટું પગલુ, ટોફેલ આઈબીટી નેટવર્કનો વિસ્તાર

અમદાવાદ,૧૯ મે

હાલમાં જ ટોફેલ આઈબીટી પરીક્ષામાં કરવામાં આવેલા સુધારાઓ બાદ કે જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા અનુભવને વધુ સુવ્યવસ્થિત અને સુવિધાજનક બનાવવાનો છે, ટોફેલ હવે સમગ્ર ગુજરાતમાં વિદ્યાર્થીઓ માટે પોતાના સમર્થન અને પહોંચને વધુ મજબૂત કરી રહી છે. તેના અંતર્ગત શ્રેષ્ઠ ટેસ્ટિંગ સુવિધા, કાઉન્સેલર્સ અને શિક્ષકોની સાથેના ગાઢ જોડાણ તથા વ્યાપક સ્તર પર આઉટરીચ પ્રવૃત્તિઓને વધારવામાં આવી રહી છે. આ પહેલ એવા સમયમાં કરવામાં આવી રહી છે જ્યારે ગુજરાતમાં ખાસ કરીને ટિયર-૨ શહેરોમાંથી, વિદેશમાં અભ્યાસને લઈને વિદ્યાર્થીઓની રૂચિ સતત વધી રહી છે.




ગુજરાતમાં વધતી સ્ટડી અબ્રોડ માંગને જોતા, ઈટીએસ ઈન્ડિયા પોતાના ટેસ્ટ સેન્ટર નેટવર્ક, પ્રમાણિત ટ્રેનર્સ, વિદ્યાર્થી એંબેસડર્સ, સંસ્થાકીય સમર્થન અને સ્ટડી અબ્રોડ પાર્ટનર્સના માધ્યમથી ટોફેલ ટેસ્ટિંગ અને તૈયારી સંસાધનો સુધીની પહોંચ અને તેમની નિકટની સુવિધાદાયક ટેસ્ટિંગ મદદ ઉપલબ્ધ કરાવવાનું છે, જેથી તેઓ આત્મવિશ્વાસની સાથે આંતરરાષ્ટ્રીય શિક્ષણની તકોની દિશામાં આગળ વધી શકે.

કરણ લલિત, એક્ઝિક્યૂટિવ ડાયરેક્ટર, ટોફેલ તથા જીઆરઈ, સાઉથ એશિયા, ઈટીએસ ઈન્ડિયાએ જણાવ્યું, "ગુજરાતથી વિદેશ અભ્યાસ માટે વિદ્યર્થાઓની રૂચિ અને આકાંક્ષાઓમાં સતત મજબૂત વૃદ્ધિ જોવા મળી રહી છે. ઈટીએસમાં અમે માનીએ છીએ કે પહોંચ માત્ર ટેસ્ટ ઉપલબ્ધતા સુધી જ સિમિત નથી. તેમાં વિશ્વાસપાત્ર સ્થાનિક સમર્થન, યોગ્ય માર્ગદર્શન અને વ્યાપક એજ્યુકેશન ઈકોસિસ્ટમની સાથે મજબૂત જોડાણ પણ શામેલ છે. સમગ્ર ગુજરાતમાં કાઉન્સેલર્સ, ટોફેલ ટ્રેનર્સ અને સ્ટડી અબ્રોડ સલાહકારોની સાથેના સહયોગના માધ્યમથી અમારો ઉદ્દેશ વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય શિક્ષણની તકો માટે ઉત્કૃષ્ઠ અને વધુ જાણકારીપૂર્ણ નિર્ણય લેવામાં મદદ કરવાનો છે."

અમદાવાદમાં તાજેતરમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન, ઈટીએસે કાઉન્સેલર્સ, શિક્ષકો, સ્ટડી અબ્રોડ સલાહકારો અને સંસ્થાકીય ભાગીદારો સાથે ખાસ ચર્ચા સત્રોનું આયોજન કર્યું. આ ચર્ચાઓમાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ ટોફેલ આઈબીટી પરીક્ષા અને તૈયારીના સંસાધનો વિશેની માહિતી વહેંચવામાં આવી હતી. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓની બદલાતી જરૂરિયાતો અને ગુજરાતમાં પ્રાદેશિક કાઉન્સેલિંગ નેટવર્કને વધુ સારી રીતે સમજવાની તક તરીકે પણ કાર્ય કર્યું, જેથી વિદ્યાર્થીઓ માટે સમર્થન અને પહોંચને વધુ મજબૂત બનાવી શકાય.

ગુજરાતના કાઉન્સેલર્સ અને સ્ટડી અબ્રોડ સલાહકારોએ જણાવ્યું કે વિદ્યાર્થીઓ વચ્ચે હવે વધુ જાણકારી-આધારિત અને સમજી-વિચારીને નિર્ણય લેવાની પ્રવૃત્તિ વધી રહી છે. વિદ્યાર્થી હવે એડમિશન તૈયારી, યુનિવર્સિટીઓની અપેક્ષાઓને વધુ વૈશ્વિત સ્તરે માન્યતા પ્રાપ્ત ઈંગ્લિશ પ્રોફિશિએંશી ટેસ્ટ્સ પર વધુ ધ્યાન આપી રહ્યાં છે.

## લાયન કન્ઝર્વેશન સોસાયટી અને પરિમલ નથવાણીની પહેલ

# ગિરમાં ૨૨૦ જેટલા ફોરેસ્ટ ટ્રેકર્સને રૂ. ૧૦ લાખ સુધીનું વીમા કવચ

ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટીના સહયોગથી ગિર અને બૃહદ્ ગિરના વિવિધ સર્કલમાં કાર્યરત ૨૨૦ જેટલા ફોરેસ્ટ ટ્રેકર્સને અકસ્માત વીમા અને મેડિક્લેઈમનું કવચ પૂરું પાડવામાં આવ્યું છે. ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ તેમજ ગિરના વન વિભાગના અધિકારીઓના સહયોગથી ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી સાથે મળીને ન્યૂ ઈન્ડિયા એશ્યોરેન્સ દ્વારા ટ્રેકર્સને રૂ. ૩ લાખથી રૂ. ૧૦ લાખ સુધીનું વીમા કવચ પુરું પાડવામાં આવ્યું છે. વીમા કવચ અંગેની સંપૂર્ણ જાણકારી પૂરી પાડવા માટે ટ્રેકર્સ માટે ૧૬ અને ૧૭ મે, ૨૦૨૬ના રોજ સાસણ ગિરમાં સિંહ સદન ખાતે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.



સામાન્ય રીતે ટ્રેકર્સની કામગીરી ખૂબ જ જોખમી ગણવામાં આવતી હોવાથી વીમા કંપનીઓ તેમને અકસ્માત વીમા અને મેડિક્લેઈમનું કવચ પુરું પાડવામાં આનાકાની કરતી હોય છે, પરંતુ શ્રી પરિમલ નથવાણીના વિશેષ પ્રયત્નોથી ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી સાથે મળીને ન્યૂ ઈન્ડિયા એશ્યોરેન્સ કંપનીએ વીમા કવચ પૂરું પાડ્યું છે.

અકસ્માત વીમા હેઠળ, ટ્રેકર્સના અકસ્માતને કારણે થયેલા મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારને રૂ. ૧૦,૦૦,૦૦૦ (રૂ. ૧૦ લાખ) સુધીના વળતરની ચૂકવણી કરવામાં આવશે. આ ઉપરાંત, એક બાળકના ભણતર માટે રૂ. ૨૫,૦૦૦ સુધીની સહાય તથા બે બાળકો હોય તો મહત્તમ રૂ. ૫૦,૦૦૦ સુધીની સહાય કરવામાં આવશે. જો અકસ્માતમાં કાયમી અપંગતા આવે તો તે માટે વળતર વીમા કંપનીના નિયમો અનુસાર ચૂકવવામાં આવશે, તેમજ અંગ ગુમાવવા, દૃષ્ટિ ગુમાવવાના કિસ્સામાં નક્કી કર્યા મુજબ વીમા કવચના અમુક ટકા રકમ ચૂકવવામાં આવશે. તદ્ઉપરાંત રજાનું વળતર, મેડિકલ ખર્ચ, મૃતકના પાર્થિવ દેહનો વાહન ખર્ચ, વિગેરે પણ અકસ્માત વીમા કવચના નિયમો પ્રમાણે આવરી લેવામાં આવ્યા છે.

ફોરેસ્ટ ટ્રેકર્સ માટેના મેડિક્લેઈમમાં રૂ. ૩,૦૦,૦૦૦ (રૂ. ૩ લાખ) સુધીની રકમ ચૂકવવામાં આવશે, જેમાં સર્જરી, રૂમ ચાર્જ, ડોક્ટરની ફી, ટેસ્ટ અને દવાઓના ખર્ચ વિગેરેને આવરી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૩૦ દિવસના પ્રિ-હોસ્પેટલાઈઝેશન અને ૬૦ દિવસના પોસ્ટ-હોસ્પિટલાઈઝેશન સમયગાળાને પણ આવરી લેવામાં આવ્યો છે. વીમા કંપનીની નેટવર્ક હોસ્પિટલોમાં કેશલેસ સારવાર આપવામાં આવશે.

## ઈરાનને આપ્યો સ્પષ્ટ મેસેજ

# મિત્ર દેશમાં ન્યૂક્લિયર પ્લાન્ટ પર હુમલાથી ભારત ભારે નારાજ

નવી દિલ્હી, તા.૧૮

પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલા ભીષણ તણાવ વચ્ચે સંયુક્ત અરબ અમીરાત (ેંછઈ) ના પરમાણુ પ્લાન્ટ પર થયેલા ડ્રોન હુમલાએ વૈશ્વિક સ્તરે ચિંતા વધારી દીધી છે. આ મામલે ભારતે પણ કડક વલણ અપનાવ્યું છે. જોકે ઈરાન તરફથી આ હુમલામાં કોઈપણ ભૂમિકા હોવાના અહેવાલોને રદીયો આપી દેવામાં આવ્યો છે.

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલું સંકટ હવે એક નવો વળાંક લઈ રહ્યું છે. રવિવારે સંયુક્ત અરબ અમીરાત (ેંછઈ) ના અલ ધફરા પ્રદેશમાં આવેલા 'બરાકાહ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ' ના પરિસરમાં એક મોટો ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાના કારણે પ્લાન્ટની બહારના ભાગમાં આવેલા એક ઈલેક્ટ્રિકલ જનરેટરમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જો કે, ફેડરલ ઓથોરિટી ફોર ન્યુક્લિયર રેગ્યુલેશન (હ્લછદ્ગઇ) એ પુષ્ટિ કરી છે કે આ આગથી પ્લાન્ટની આંતરિક સુરક્ષા અથવા તેની મુખ્ય પ્રણાલીઓને કોઈ નુકસાન થયું નથી અને તમામ યુનિટ સામાન્ય રીતે કામ કરી રહ્યા છે. આ હુમલામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

આ હુમલા બાદ સોમવારે ભારતીય વિદેશ મંત્રાલયે એક સત્તાવાર નિવેદન જારી કરીને આ ઘટનાની સખત શબ્દોમાં નિંદા કરી છે. ભારતે આ હુમલાને 'ઉશ્કેરણીજનક અને અત્યંત ખતરનાક કાર્યવાહી' ગણાવી છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, "ભારત ેંછઈ ના એકમાત્ર પરમાણુ પ્લાન્ટને નિશાન બનાવીને કરવામાં આવેલા હુમલાથી ગંભીર રીતે ચિંતિત છે. આવી ઘટનાઓ તદ્દન અસ્વીકાર્ય છે." રાજદ્વારી નિષ્ણાતોના મતે, ભારત અને ઈરાન વચ્ચે સારા સંબંધો હોવા છતાં, ભારતે આ હુમલાની નિંદા કરીને ઈરાનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે સાર્વભૌમત્વ પરના હુમલા સહન કરી શકાય નહીં. જો કે, પોતાની સંતુલિત કૂટનીતિ જાળવી રાખતા ભારતે તમામ પક્ષોને વધતા જતા પ્રાદેશિક તણાવ વચ્ચે સંયમ રાખવા અને કૂટનીતિ તેમજ સંવાદના માર્ગે પરત ફરવા અપીલ કરી છે. આ હુમલાની જવાબદારી હજુ સુધી કોઈ સંગઠને સત્તાવાર રીતે લીધી નથી, પરંતુ ેંછઈ નો સીધો ઈશારો ઈરાન તરફ છે. ેંછઈ એ આને વિના કારણે કરવામાં આવેલો આતંકવાદી હુમલો ગણાવ્યો છે અને ચેતવણી આપી છે કે તે પોતાની સાર્વભૌમત્વ પર કોઈ પણ ખતરો સહન નહીં કરે. અગાઉ ૫ મે ના રોજ પણ ેંછઈ એ ઈરાન તરફથી મિસાઈલ અને ડ્રોન હુમલાનો દાવો કર્યો હતો, જેને ઈરાની સૈન્ય કમાન્ડે નકારી કાઢ્યો હતો. વાસ્તવમાં, ઈરાનને શંકા છે કે અમેરિકા તેની પર હુમલો કરવા માટેં ેંછઈ ની ધરતીનો ઉપયોગ કરી રહ્યું છે, જેના કારણે બંને દેશો વચ્ચે દુશ્મનાવટ ચરમસીમાએ પહોંચી છે. દક્ષિણ કોરિયાની મદદથી તૈયાર કરવામાં આવેલો આ બરાકાહ પરમાણુ પ્લાન્ટ વર્ષ ૨૦૨૦થી કાર્યરત છે અને તે સમગ્ર અરબ જગતનો એકમાત્ર સક્રિય પરમાણુ ઉર્જા પ્લાન્ટ છે.

# એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ તેનો ૨૫મો દીક્ષાંત સમારોહ યોજ્યો

એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદ, જેને ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ' તરીકે માન્યતા આપવામાં આવી છે, તેણે ૧૮ મે ૨૦૨૬ના રોજ પોતાના અમદાવાદ કેમ્પસ ખાતે શૈક્ષણિક કાર્યક્રમોના ૨૫મા દીક્ષાંત સમારોહનું આયોજન કર્યું હતું? આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર શ્રી વિનય કુમાર સક્સેનાએ ઉપસ્થિતિ આપી હતી? આ પ્રસંગે શ્રી રાકેશ શર્મા, પ્રમુખ—ઈડીઆઈઆઈ તથા મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, આઈડીઆઈબીઆઈ બેંક લિમિટેડ; ડૉ. સુનીલ શુક્લા, ડિરેક્ટર જનરલ, ઈડીઆઈઆઈ; તેમજ ઈડીઆઈઆઈ ગવર્નિંગ બોર્ડના પ્રતિષ્ઠિત સભ્યો પણ હાજર રહ્યા હતા? તેમાં શ્રી ગોપાલ ઝા, ચીફ જનરલ મેનેજર (એસએમઈ એન્ડ સપ્લાય ચેન્જ ફાઈનાન્સ), સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મુંબઈ; ડૉ. મિલિંદ કાંબલે, સ્થાપક અધ્યક્ષ, દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (ડીઆઈસીસીઆઈ), પુણે; શ્રી રાજેશ ગાંધી, મેનેજીગ ડાયરેક્ટ, વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, અમદાબાદ; તથા ડૉ. ઓ. પી. ગોયલ, સલાહકાર ટુ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, નવી દિલ્હીનો સમાવેશ થાય છે.

૨૫મા દીક્ષાંત સમારોહ દરમિયાન વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો હેઠળ કુલ ૯૮ વિદ્યાર્થીઓ અને સ્કોલર્સને ડિપ્લોમા તેમજ પૂર્ણતા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા? આ વર્ષની સ્નાતક બેચમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ — એન્ટરપ્રેન્યોરશિપ (પીજીડીએમ-ઈ)ના ૭૬ વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ — ઈનોવેશન એન્ટરપ્રેન્યોરશિપ એન્ડ વેન્ચર ડેવલપમેન્ટ (પીજીડીએમ-આઈઈવી)ના ૮ વિદ્યાર્થીઓ, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ — ઓનલાઈન (પીજીડીએમ-ઓનલાઈન)ના ૧૧ વિદ્યાર્થીઓ તેમજ ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (એફપીએમ)ના ૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં મુખ્ય અતિથિ અને કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખના માનનીય લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) શ્રી વિનય કુમાર સક્સેનાએ જણાવ્યું હતું કે, "મહત્વપૂર્ણ સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા પછી ઘણીવાર એવું ભ્રમ ઊભું થાય છે કે હવે આપણું શિક્ષણ પૂર્ણ થઈ ગયું છે? પરંતુ આ સત્ય નથી? શીખવાની પ્રક્રિયા જીવનભર ચાલતી અને સતત આગળ વધતી યાત્રા છે."

વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં ઈડીઆઈઆઈના પ્રેસિડેન્ટ તેમજ આઈડીબીઆઈ બેંક લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર એન્ડ ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાકેશ શર્માએ જણાવ્યું હતું કે, "નવોત્તરતા ઉદ્યોગસાહસિકતાનો આધારસ્તંભ બની રહી છે. ઈડીઆઈઆઈના પૂર્વ વિદ્યાર્થીઓએ આ ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. સાથે જ હું સ્નાતક થઈ રહેલા વિદ્યાર્થીઓને અપીલ કરું છું કે તેઓ જીવનભર શીખવાની માનસિકતા જાળવી રાખે — સ્થાપિત માન્યતાઓ પર પ્રશ્નો ઉઠાવે, વિકલ્પોની શોધ કરે અને સર્જનાત્મકતા તથા હેતુપૂર્ણ અભિગમ સાથે પડકારોનો સામનો કરે? અસ્થિરતા, અનિશ્ચિતતા, જટિલતા અને અસ્પષ્ટતાથી ભરેલી આ દુનિયામાં બદલાતી પરિસ્થિતિઓને અનુરૂપ થવાની ક્ષમતા હવે વિકલ્પ નહીં પરંતુ અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે"

# હવે, સ્થાનિક રોજગારી માટે 'પ્રોફેશનલ ટુરિસ્ટ ગાઈડ'તાલીમનું આયોજન

પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૧૮

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડે પ્રવાસન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા નાગરિકો માટે સંપૂર્ણપણે નિઃશુલ્ક 'પ્રોફેશનલ ટુરિસ્ટ ગાઈડ'તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું છે. આ તાલીમબદ્ધ ગાઈડ્સ ગુજરાતના પ્રખ્યાત ધાર્મિક, ઐતિહાસિક, વન્યજીવ અને સાંસ્કૃતિક સ્થળોએ પોતાની વ્યાવસાયિક સેવાઓ આપી શકશે. આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને કુદરતી પ્રવાસન ધામોની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને ગુજરાતના ગૌરવશાળી વારસાથી વૈજ્ઞાનિક અને સચોટ રીતે માહિતગાર કરવા માટે કુશળ ગાઈડ્સ તૈયાર કરવામાં આવશે. સ્થાનિક સ્તરે રોજગારીના નવા દ્વાર ખોલતા આ તાલીમ કાર્યક્રમનું આયોજન સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવામાં આવ્યું છે. ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ રાજ્યની અગ્રણી અને પ્રતિષ્ઠિત તાલીમ સંસ્થાઓ સાથે સંકલન કરીને ૧૪ દિવસીય વિશેષ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવશે.

જો કોઈ શહેર પૂરતા પ્રોફેશનલ ટુરિસ્ટ ગાઈડ બનવું હોય તો ધોરણ ૧૨ પાસ અને સમગ્ર ગુજરાત માટે પ્રોફેશનલ ટુરિસ્ટ ગાઈડ બનવું હોય તો સ્નાતક અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ફરજીયાત છે. ઓનલાઈન ફોર્મ ભરતી વખતે ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ, શૈક્ષણિક લાયકાતની વિગતો અને ઓળખ માટે જરૂરી સરકારી દસ્તાવેજો (આધાર કાર્ડ વગેરે) અપલોડ કરવાના રહેશે. તાલીમ દરમિયાન પ્રવાસીઓ સાથે સુદ્રઢ આદાનપ્રદાન માટે કમ્યુનિકેશન સ્કિલ, પ્રવાસન વ્યવસ્થાપન, વિદેશી તથા સ્થાનિક ભાષા કૌશલ્ય, ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહરની તથ્યાત્મક માહિતી તેમજ પ્રવાસીઓને આધુનિક પદ્ધતિઓથી ગાઈડ કરવા અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે.

ઈન્ડિયન એસોસિએશન ઓફ ટુર ઓપરેટર્સ (IATO) અને ટૂરિસ્ટ ગાઈડ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (TGFI) દ્વારા નિર્ધારિત કરાયેલા ગાઈડ ચાર્જ મુજબ, પ્રવાસન સીઝન દરમિયાન એક માન્ય ગાઈડ પ્રતિ દિન અંદાજે રૂપિયા ૨,૫૦૦ થી લઈને રૂપિયા ૫,૨૦૦ સુધીની કમાણી કરી શકે છે. રસ ધરાવતા ઉમેદવારો વધુ વિગતો મેળવવા તેમજ ઓનલાઈન અરજી કરવા માટે પ્રવાસન નિગમની સત્તાવાર વેબસાઈટ https://gujarattourism.com/forms/guide-tourist.html પર મુલાકાત લઈ શકે છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક નાગરીકે પ્રવાસન નિગમની વેબસાઈટ https://gujarattourism.com/forms/guide-tourist.html ઉપર ૨૩મી, મે-૨૦૨૬ સુધી અરજી કરવાની રહેશે.

## લખનઉની હચમચાવતી ઘટના

# ટ્રેનમાં બંધ પેટીમાં મહિલાનો ટુકડે-ટુકડાં કરેલો મૃતદેહ મળ્યો

લખનૌ, તા.૧૮

ઉત્તર પ્રદેશના લખનઉમાં એક હચમચાવી મૂકે તેવી ક્રૂર હત્યાની ઘટના સામે આવી છે. છાપરાથી લખનઉના ગોમતી નગર સ્ટેશને પહોંચેલી છાપરા-ગોમતી નગર એક્સપ્રેસ ટ્રેનના સ્લીપર કોચમાંથી એક અજાણી મહિલાનો પાંચ ટુકડામાં કાપેલો માથા વગરનો મૃતદેહ મળી આવતા રેલવે તંત્ર અને પોલીસ પ્રશાસનમાં ભારે દોડધામ મચી ગઈ છે.

અહેવાલો અનુસાર, ટ્રેન તેના છેલ્લા સ્ટેશન ગોમતી નગર ખાતે પહોંચી ત્યારે સરકારી રેલવે પોલીસ (GRP)ની ટીમ ટ્રેનની અંદર રૂટીન ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન સ્લીપર કોચ (AC-1)માંથી બિનવારસી હાલતમાં પડેલું એક મોટું બોક્સ અને એક બેગ મળી આવી હતી. જ્યારે પોલીસે શંકાસ્પદ બોક્સ ખોલ્યું તો તેમાંથી અંદાજે ૨૫થી ૩૦ વર્ષની મહિલાનું માથા વગરનું ધડ મળી આવ્યું હતું. તેની બાજુમાં રાખેલી બેગ ખોલતા તેમાંથી મહિલાના કપાયેલા હાથ અને પગ મળી આવ્યા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હત્યા પાછળ કોઈ શાતિર ગુનેગારનો હાથ હોવાનું સામે આવ્યું છે. શંકા છે કે મહિલાની અન્ય કોઈ જગ્યાએ હત્યા કર્યા બાદ તેના શરીરને કોઈ ઈલેક્ટ્રોનિક કટર અથવા અત્યંત તીક્ષ્ણ હથિયાર વડે પાંચ ટુકડાઓમાં કાપવામાં આવ્યું હતું. આશ્ચર્યજનક વાત એ છે કે ટ્રેનમાંથી મળેલા શરીરના અંગો પર અન્ય કોઈ ઈજાના નિશાન નથી, તેમજ બોક્સ, બેગ કે ટ્રેનની સીટ પર ક્યાંય પણ લોહીના ડાઘ જોવા મળ્યા નથી. લાશનું માથું હજુ સુધી ગાયબ છે, જેથી મહિલાની ઓળખ છુપાવવા માટે માથું અન્ય ક્યાંક ફેંકી દેવાયું હોવાનું અનુમાન છે.

આ ભયાનક હત્યાકાંડનો ભેદ ઉકેલવા માટે ય્ઇઁ દ્વારા તાત્કાલિક અસરથી ત્રણ વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે. છાપરા અને ગોમતી નગર વચ્ચે આ ટ્રેન ૧૨ કલાકની મુસાફરી દરમિયાન જે ૨૦ સ્ટેશનો પરથી પસાર થાય છે, તે તમામ સ્ટેશનોના સીસીટીવી (CCTV) ફૂટેજ મેળવીને તપાસ શરૂ કરવામાં આવી છે જેથી જાણી શકાય કે આ બિનવારસી સામાન ટ્રેનમાં કોણે અને કયા સ્ટેશનેથી ચડાવ્યો હતો. હાલ આ મામલે ચારબાગ રેલ્વે સ્ટેશનના ય્ઇઁ પોલીસ સ્ટેશનમાં અજ્ઞાત હત્યારાઓ સામે આઈપીસીની સંબંધિત કલમો હેઠળ એફઆઈઆર (FIR) નોંધીને મહિલાની ઓળખ મેળવવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# "વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬" હેઠળ મંડળ રેલવે મેનેજરે લેવડાવી પર્યાવરણ સંરક્ષણની પ્રતિજ્ઞા

ભારતીય રેલવે દ્વારા ૧૫ મે થી ૫ જૂન ૨૦૨૬ સુધી આયોજિત કરવામાં આવી રહેલા વિશ્વ પર્યાવરણ દિવસ અભિયાન હેઠળ ૧૮ મે ૨૦૨૬ ના રોજ મંડળ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદમાં પ્રતિજ્ઞા ગ્રહણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો.




આ અવસર પર મંડળ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશ એ મંડળ ઓફિસના અધિકારીઓ અને કર્મચારીઓને પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા અને પ્રાકૃતિક સંસાધનોના સંવર્ધન પ્રત્યે પ્રતિજ્ઞા લેવડાવી. પ્રતિજ્ઞા મારફતે તમામ ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ પર્યાવરણ સંરક્ષણને પોતાના દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવવાના, જળ અને ઉર્જાની બચત કરવાના, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવાના, સ્વચ્છતા જાળવી રાખવાના અને હરિત તથા સતત જીવનશૈલી અપનાવવાના સંકલ્પ લીધા.

આ અભિયાનનો ઉદ્દેશ પર્યાવરણ સંરક્ષણ, પ્લાસ્ટિક પ્રદૂષણમાં ઘટાડો, સ્વચ્છતા, જળ અને ઉર્જા સંરક્ષણ તથા સતત જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. આ અભિયાન હેઠળ વિવિધ રેલવે સ્ટેશનો, રેલવે કોલોનીઓ, ઓફિસ સંકુલો અને જાહેર સ્થળોએ પ્રભાત ફેરીઓ, સ્વચ્છતા અભિયાન, વૃક્ષારોપણ કાર્યક્રમ, શેરી નાટક, કાર્યશાળાઓ, જાગૃતિ રેલીઓ, હરીફાઈઓ અને સામાજિક સહભાગિતા કાર્યક્રમ આયોજિત કરવામાં આવી રહ્યા છે.

૧૫ મે થી ૫ જૂન ૨૦૨૬ સુધી ચાલનારા આ વિશેષ અભિયાન દરમિયાન રેલવે સંકુલો, પાટાઓ અને પાણીના સ્ત્રોતો પર વિશેષ સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. સાથે જ "એક પેડ માં કે નામ" પહેલ હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવશે. "સિંગલ યુઝ પ્લાસ્ટિક" ના ઉપયોગને ઘટાડવાના તથા પર્યાવરણ અનુકૂળ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે વિશેષ જન-જાગૃતિ અભિયાન સંચાલિત કરવામાં આવશે. યાત્રીઓને ડિજિટલ ટિકિટીંગ અપનાવવા, પુનઃ ઉપયોગ યોગ્ય પાણીની બોટલો તથા કપડાં અને કંતાનની બેગોના ઉપયોગ માટે પ્રેરિત કરવામાં આવશે. આ ઉપરાંત શેરી નાટક, કાર્યશાળાઓ, જાગૃતિ રેલીઓ, હરીફાઈઓ અને સામાજિક સહભાગિતાના કાર્યક્રમો મારફતે તમામ લોકોને પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે જાગૃત કરવામાં આવશે.

૫ જૂન ૨૦૨૬ ના રોજ "વિશ્વ પર્યાવરણ દિવસ" ના અવસરે વિશેષ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે, જેમાં પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામ કરનારા કર્મચારીઓ તથા ભાગ લેનારાઓને સન્માનિત કરવામાં આવશે.

મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ કહ્યું કે પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ પર્યાવરણ સંરક્ષણ અને સતત વિકાસ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતાને સતત આગળ વધારતાં સમાજમાં પર્યાવરણ જાગૃતિ ફેલાવવા સતત કામ કરતું રહેશે. તેમણે નાગરિકોને પર્યાવરણ સંરક્ષણને જન-આંદોલન બનાવવા તથા સ્વચ્છ અને હરિયાળા ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદારી ભજવવાની હાકલ કરી.

# AAP નેતા દીપક સિંગલાની ધરપકડ કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આમ આદમી પાર્ટીના નેતા સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આમ આદમી પાર્ટી (AAP)ના નેતા દીપક સિંગલાની EDએ ધરપકડ કરી છે. આ પહેલા EDએ દિલ્હી અને ગોવા સહિત અનેક શહેરોમાં બે અલગ-અલગ કેસમાં દરોડા પાડ્યા હતા. EDની પહેલી કાર્યવાહી AAPના નેતા દીપક સિંગલા સામે થઈ છે. બેંક ફ્રોડના એક કેસમાં તપાસ એજન્સીએ દિલ્હી અને ગોવામાં તેમના ઠેકાણાઓ પર તપાસ કરી હતી. બીજી કાર્યવાહી દિલ્હીના સુભાષ નગર સ્થિત 'બાબાજી ફાઈનાન્સ ગ્રુપ'ના રામ સિંહના નિવાસ સ્થાને કરવામાં આવી છે. બાબાજી ફાઈનાન્સ ગ્રુપ સામે આ કાર્યવાહી સામાન્ય લોકો સાથે છેતરપિંડી અને અંદાજે ૧૮૦ કરોડ રૂપિયાની હેરાફેરી (મની લોન્ડરિંગ)ના આરોપમાં કરવામાં આવી છે. EDની આ કાર્યવાહી બે અલગ-અલગ કેસમાં થઈ છે. જેમાં પહેલા કેસમાં દિલ્હી અને ગોવામાં બેંક ફ્રોડ મામલે AAPના નેતા દીપક સિંગલાના ઠેકાણાઓ પર ઈડી દ્વારા તપાસ કરવામાં આવી છે.

## વાલીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ માટે એક પારદર્શક નાણાકીય વ્યવસ્થા

# ડોમેસ્ટિક એજ્યુકેશન લોન ક્ષેત્રે ઓક્સિલોનું દેશવ્યાપી વિસ્તરણ

ભારતની અગ્રણી શિક્ષણ-કેન્દ્રિત દ્ગમ્હ્લઝ, ઓક્સિલો ફિનસર્વ એ દેશભરની માન્યતા પ્રાપ્ત શાળાઓ અને કોલેજોને સીધી ફી ચુકવણીની સુવિધા આપવા માટે તેના ડોમેસ્ટિક એજ્યુકેશન લોન વર્ટિકલ 'ઈન્ડિયાએડ' (IndiaEd) ના વિસ્તરણની જાહેરાત કરી છે. આ કાર્યક્રમ હેઠળ K-12 થી લઈને એન્જિનિયરિંગ, મેડિકલ અને મેનેજમેન્ટ જેવા સ્નાતક તથા અનુસ્નાતક અભ્યાસક્રમોને આવરી લેવામાં આવ્યા છે. કંપનીના જણાવ્યા અનુસાર, લોનની તમામ અરજીઓ સંપૂર્ણપણે ડિજિટલ રીતે પ્રોસેસ કરવામાં આવશે અને મંજૂર થયેલી રકમ ૪૮ કલાકની અંદર સીધી શૈક્ષણિક સંસ્થાના ખાતામાં જમા કરવામાં આવશે.

રિસર્ચ આધારીત અહેવાલો મુજબ, ભારતમાં શિક્ષણ ખર્ચ વાર્ષિક અંદાજે ૧૦-૧૨% ના દરે વધી રહ્યો છે, જે સામાન્ય ગ્રાહક ભાવ ફુગાવા (consumer price inflation) કરતા પણ નોંધપાત્ર રીતે વધુ છે. આ વધારો મધ્યમવર્ગીય પરિવારો પર નાણાકીય બોજ સતત વધારી રહ્યો છે. બીજી તરફ, શૈક્ષણિક સંસ્થાઓ માટે તેમની કામગીરીને કાર્યક્ષમ રાખવા, સમયસર પગાર ચૂકવવા અને આયોજિત વિકાસ કાર્યો માટે ભંડોળ એકત્ર કરવાના હેતુથી સમયસર ફી વસૂલાત અત્યંત અનિવાર્ય બની ગઈ છે.

ઓક્સિલોનું 'ઈન્ડિયાએડ' (IndiaEd) મોડેલ પરિવારો અને શૈક્ષણિક સંસ્થાઓ બંને માટે એક સચોટ ઉકેલ પૂરો પાડે છે. આ મોડેલ હેઠળ, વાલીઓ તેમની અનુકૂળતા મુજબ લોનની મુદત પસંદ કરી શકે છે અને ફીની મોટી રકમને સરળ માસિક હપ્તા (EMI) માં રૂપાંતરિત કરી શકે છે. બીજી તરફ, સંલગ્ન સંસ્થાઓને ફીની પૂરેપૂરી રકમ સીધી તેમના ખાતામાં પ્રાપ્ત થાય છે, જે તેમના નાણાકીય સંચાલનને વધુ સુદ્રઢ બનાવે છે.

'ઓનલાઈન અરજી પ્રક્રિયા, ૪૮ કલાકમાં લોન વિતરણ અને સંસ્થાઓને સીધી ચુકવણીની સુવિધા વાલીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ બંનેના અવરોધો દૂર કરે છે. આનાથી શાળાઓ અને કોલેજોને ફીની આવકમાં નિશ્ચિતતા મળે છે, જ્યારે પરિવારોને તેમના બાળકોના શિક્ષણમાં રોકાણ કરવા માટે એક મર્યાદિત અને ગૌરવપૂર્ણ વિકલ્પ પ્રાપ્ત થાય છે. આ એક એવી ઔપચારિક નાણાકીય વ્યવસ્થા છે જે શિક્ષણ ક્ષેત્રે દસ્તાવેજીકૃત હોવા છતાં અત્યાર સુધી વણઉકેલાયેલી રહેલી આર્થિક ખાઈને પૂરે છે,' તેમ શ્રી સુબ્રમણ્યમે ઉમેર્યું હતું.

# અસારવા—સાબરમતી 'A' કેબિન વચ્ચે 'વાઈ' કનેક્ટિવિટીનું કમિશનિંગ કાર્ય ને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના અમદાવાદ—હિંમતનગર રેલખંડ પર અસારવા—સાબરમતી 'A' કેબિન સ્ટેશનો વચ્ચે 'Y' કનેક્ટિવિટીનું કમિશનિંગ કાર્ય ના સંબંધમાં ૧૯ મે ૨૦૨૬ ના રોજ નોન-ઈન્ટરલોકિંગ કાર્ય કરવામાં આવશે. આ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશેઃ

આંશિક રદ ટ્રેનો

૧. ટ્રેન નંબર ૬૯૨૪૬ હિંમતનગર—અસારવા મેમુ તારીખ ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ નરોડા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને નરોડા તથા અસારવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૬૯૨૪૩ અસારવા—ચિત્તોડગઢ મેમુ તારીખ ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ નરોડા થી શોર્ટ ઓરિજિનેટ થશે અને અસારવા તથા નરોડા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૬૯૨૫૨ ખેડબ્રહ્મા—અસારવા મેમુ તારીખ ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ નરોડા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા નરોડા અને અસારવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે

રેશેડ્યૂલ ટ્રેન

⌅ ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા—કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ, તારીખ ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ અસારવા સ્ટેશનથી તેના નિર્ધારિત પ્રસ્થાન સમય ૦૮:૫૫ કલાકના બદલે ૧૦:૫૫ કલાકે પ્રસ્થાન કરશે.

# ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૫ની બેચના ૮ પ્રોબેશનરી IAS ઓફિસર્સની મુખ્યમંત્રી સાથે મુલાકાત



પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૮

ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૫ની ભારતીય સનદી સેવા બેચના ૮ પ્રોબેશનરી ઓફિસર્સે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરમાં મુલાકાત કરી હતી. આ અજમાયશી છજી અધિકારીઓ મસુરીની લાલ બહાદુર શાસ્ત્રી વહીવટ અકાદમીમાં ફાઉન્ડેશન કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરીને ગુજરાત કેડરમાં અધિક સહાયક કલેક્ટર તરીકે નિયુક્ત થયા છે તેમને બાવન સપ્તાહની જિલ્લા તાલીમ માટે બનાસકાંઠા, ભરૂચ, અમરેલી, કચ્છ, પંચમહાલ, ગોધરા, વલસાડ, રાજકોટ અને મહીસાગર જિલ્લા ફાળવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ, તેમને મળેલા આ પ્રોબેશનરી આઈ.એ.એસ. ઓફિસર્સને શુભેચ્છાઓ પાઠવી સામાન્ય માનવી, વંચિત ગરીબના કલ્યાણના સેવા સંકલ્પ સાથે સેવારત રહેવાની શિખ આપી હતી.

આ અધિકારીઓ જિલ્લા તાલીમ દરમિયાન જાહેર આરોગ્ય અને પોષણ, વન ડિસ્ટ્રિક્ટ - વન પ્રોડક્ટ, સોશિયલ એન્ડ ફાઈનાન્સિયલ ઈક્લુઝન, ગુડ ગવર્ન્સન્સ, લો એન્ડ ઓર્ડર, મેનેજમેન્ટ જેવા બહુવિધ વિષયો પર તાલીમ મેળવશે. આ તાલીમ પૂર્વે આ અધિકારીઓ ચાર સપ્તાહ માટે સ્પીપા અમદાવાદમાં ઈન્સ્ટિટ્યૂશનલ ટ્રેનિંગ લઈ રહ્યા છે અને તે ર૯મી, મે-ના પૂર્ણ થવાની છે. મુખ્યમંત્રીને મળેલા આ પ્રોબેશનરી છજી અધિકારીઓએ સ્પીપાની તાલીમ તેમની કારકિર્દી ઘડતરમાં મહત્વપૂર્ણ બની હોવાની લાગણી પણ વ્યક્ત કરી હતી. આ સૌજન્ય મુલાકાત વેળાએ સ્પીપાના ડિરેક્ટર જનરલ અને વહિવટી સુધારણા પ્રભાગના અગ્ર સચિવ હારિત શુક્લા, નિયામક ચંદ્રેશ કોટક તથા સ્પીપાના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ એરપોર્ટ પરથી ૪૦ થી ૫૦ કરોડના હેરોઈન સાથે એક શખ્સ ઝડપાયો

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૮

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દાણચોરીની વધતી જતી પ્રવૃત્તિને ધ્યાનમાં લઈને કસ્ટમ્સ અધિકારીઓ સાવચેત થઈ ગયા છે. જેના ભાગરૂપે જ અમદાવાદના કસ્ટમ્સ વિભાગે ડ્રગ હેરાફેરી સામે કડક કાર્યવાહી કરી છે. મલેશિયાના કુઆલાલંપુરથી એર એશિયાની ફલાઈટમાં અમદાવાદ આવેલાં મુસાફર પાસેથી ૯.૩૦ કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે.

આંતરરાષ્ટ્રીય બજાર કિંમત પ્રમાણે હેરોઈનની એક કિલોની આશરે ૫ કરોડ જેટલી કિંમત થાય છે અને ૯.૩૦ કિલોની ગણતરી કરવા જઈએ તો કસ્ટમ્સ વિભાગે અંદાજે ૪૫થી ૫૦ કરોડની કિંમતનું હેરોઈનનો જથ્થો પકડી પાડ્યો છે.

મુસાફર અમદાવાદથી દિલ્હી જવાનો હતો. દિલ્હીમાં કોને આપવાનો હતો અને કોની પાસેથી લાવ્યો વગેરે દિશામાં કસ્ટમ્સ વિભાગે ઝીણવટભરી તપાસ હાથ ધરીને આખી સિન્ડિકેટને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે. તેના બેંક એકાઉન્ટની વિગતો તપાસવામાં આવી રહી છે. તેને એક મહિલાએ મલેશિયાની એક હોટેલમાં હેરોઈનનો જથ્થો આપ્યો હતો અને તે કેરાલાનો વતની હોવાનો ઘટસ્ફોટ થયો છે.

અમદાવાદના કસ્ટમ્સ અધિકારીઓએ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ (SVPIA) દ્વારા માદક દ્રવ્યોની દાણચોરીના પ્રયાસોને શોધી કાઢવા અને અટકાવવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. સતત સતર્કતા અને સક્રિય અમલીકરણ દર્શાવતા કસ્ટમ્સ અધિકારીઓએ છેલ્લા કેટલાક દિવસોમાં અનેક ડ્રગ જપ્ત કર્યા છે. તાજેતરના કિસ્સામાં મલેશિયાના કુઆલાલંપુરથી આવતા એક મુસાફરના હેન્ડ બેગના શંકાસ્પદ એક્સ-રે છબીઓના આધારે અધિકારીઓએ મુસાફરને વિગતવાર તપાસ માટે અટકાવ્યો હતો.

મુસાફરના હેન્ડ બેગની તપાસ દરમિયાન અધિકારીઓને "ગ્લુટા ગ્રો" અને "કેકર્સ કોકોનટ ફલેવર" તરીકે લેબલવાળા ઘણા પેકેટ મળ્યા હતા. તેની ઝીણવટભરી તપાસ કરતાં પેકેટોમાં જાહેર કરાયેલા ફૂડ સપ્લિમેન્ટ્સ અને ખાદ્ય પદાર્થોને બદલે શંકાસ્પદ સફેદ પાવડર અને સફેદ દાણાદાર પદાર્થો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી કસ્ટમ્સ વિભાગે તાત્કાલિક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓને જાણ કરી હતી. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (FSL) દ્વારા શંકાસ્પદ પદાર્થોનું પ્રારંભિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં હેરોઈનની હાજરીની તેમણે પુષ્ટિ કરી હતી.

તદનુસાર, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ, ૧૯૮૫ની જોગવાઈઓ હેઠળ કુલ ૯.૩૦ કિલોગ્રામ હેરોઈનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. NDPS એક્ટ, ૧૯૮૫ની સંબંધિત જોગવાઈઓ હેઠળ મુસાફરની ધરપકડ કરવામાં આવી છે.

# અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના પદાધિકારીના નામ તા. ૨૨ મી એ જાહેર થવાની શક્યતા

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૧૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પદાધિકારીઓની નિમણૂકમાં થઈ રહેલા વિલંબને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે સત્તાધારી પક્ષ ભાજપના પ્રદેશ પ્રવક્તા અનિલ પટેલે સ્પષ્ટ કર્યું છે કે સંગઠન સ્તરે મોટાભાગની આંતરિક કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે અને ખૂબ જ ટૂંક સમયમાં નવા પદાધિકારીઓના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

ભાજપ પ્રવક્તા અનિલ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ ભાજપ પર અતૂટ વિશ્વાસ મૂકીને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ૯૦ ટકાથી વધુ સમર્થન આપ્યું છે. પક્ષના નિયમો અને આંતરિક લોકશાહીની પ્રક્રિયા મુજબ સ્થાનિક સ્તરે અને ઝોન વાઈઝ આગેવાનો તેમજ કાર્યકરોની સેન્સ લેવાનું અને રજૂઆતો સાંભળવાનું કામ શિસ્તબદ્ધ રીતે પૂર્ણ કરી લેવામાં આવ્યું છે.

નિમણૂકોમાં થઈ રહેલા વિલંબનું કારણ સ્પષ્ટ કરતા તેમણે ઉમેર્યું કે, તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ અને અન્ય મહત્વના કાર્યક્રમોના કારણે પ્રદેશ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકને થોડા સમય માટે સ્થગિત રાખવી પડી હતી. જોકે, પીએમના પ્રવાસ બાદ પ્રદેશ ચૂંટણી સમિતિ અને પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક ફરી એકવાર મળી હતી, જેમાં બાકી રહેલી ચર્ચાઓને આખરી ઓપ આપી દેવાયો છે.

પ્રવક્તાના દાવા મુજબ પક્ષે પદાધિકારીઓની પસંદગીનું હોમવર્ક મોટાભાગે પૂર્ણ કરી લીધું છે. આગામી ૨૨ તારીખથી લઈને ૨૫ તારીખ સુધીમાં રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના મોટાભાગના હોદ્દેદારો અને પદાધિકારીઓની નિમણૂકો જાહેર કરી દેવામાં આવે તેવી પુરેપુરી શક્યતા છે. આમ, હવે ટૂંક સમયમાં જ વહીવટી તંત્રને નવા પદાધિકારીઓ મળી જશે તે સ્પષ્ટ છે.

# બીએ શાહની જમીન સુધારણા કમિશનર અને સરકારના મહેસૂલ વિભાગના કમિશનર તરીકે બદલી

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૮

તાજેતરમાં રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ એકસામાટા ૭૨ આઈએએસની બદલી અને નિમણૂંક બાદ ફરી ગંજીફો ચિપવામાં આવ્યો છે જેમાં સેટલમેન્ટ કમિશનર અને લેન્ડ રેકોર્ડ્સ ડિરેક્ટર બીએ શાહ અગાઉ પણ જમીન સુધારણા કમિશનર અને સરકારના મહેસૂલ વિભાગનો વધારાનો હવાલો ધરાવતા હતા તેમને હવે તેમને જમીન સુધારણા કમિશનર અને સરકારના મહેસૂલ વિભાગમાં નિયુક્તિ આપવામાં આવી છે.

તદુપરાંત આરોગ્ય કમિશનર (ગ્રામીણ) અને એક્સ-ઓફિસિઓ મિશન ડિરેક્ટર, રાષ્ટ્રીય આરોગ્ય મિશન ડૉ. રતનકંવર એચ. ગઢવીચરણ આગામી આદેશો સુધી કમિશનર, પોષણ મિશન, ગાંધીનગરના પદનો વધારાનો હવાલો સંભાળશે. જ્યારે અરવિંદ વી.ને સરકારના નાણાં વિભાગ (બજેટ), સચિવાલય, ગાંધીનગરના સંયુક્ત સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમજ તેઓ અમદાવાદના રાજ્ય કરના વધારાના કમિશનર પદનો વધારાનો હવાલો પણ સંભાળશે.

## ૩૦ જેટલા ગુનાનો ભેદ ઉકેલાયો

# લૂંટ-ચોરી કરતી કુખ્યાત છારા ગેંગના બે શખસની ગુજસીટોક હેઠળ ધરપકડ

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં આંગડિયા પેઢીના કર્મચારીઓ અને બેન્કમાંથી મોટી રકમ લઈને નીકળતા લોકોને ટાર્ગેટ કરતી કુખ્યાત છારા ગેંગ વિરુદ્ધ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. વાહનચાલકોનું ધ્યાન ભટકાવી તેમજ વેશપલટો કરીને કરોડોની ચોરી-લૂંટ આચરતી છારા ગેંગના બે મુખ્ય સાગરીતોની પોલીસે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ (GUJCTOC) હેઠળ ધરપકડ કરી છે. આ કાર્યવાહી સાથે જ ગુજરાત અને દિલ્હીમાં નોંધાયેલા લૂંટ, ધાડ અને ચોરી જેવા આશરે ૩૦ જેટલા ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. મળતી માહિતી અનુસાર, ઝોન-૭ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા અગાઉ છારા ગેંગના ૪ સાગરીતોને અલગ-અલગ ૭ ગુનાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. આ આરોપીઓનો ગુનાઈત ઈતિહાસ તપાસતા માલૂમ પડ્યું હતું કે તેણે અમદાવાદ અને દિલ્હીમાં અસંખ્ય ગુનાઓ આચર્યા છે. આથી, એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનામાં પોલીસ કમિશનરની મંજૂરી મેળવીને ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુજસીટોક એક્ટની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો.

આ કેસની વધુ તપાસના આધારે પોલીસે હાલમાં પ્રતિક ઉર્ફે અંધો પ્રવિણભાઈ પાનવેકર (રહે. છારાનગર, કુબેરનગર) તથા શંકુલ યોગેશભાઈ ભોગેકર (રહે. કુબેરનગર, સરદારનગર) એમ બે આરોપીઓની ગુજસીટોક હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ ગેંગ અત્યંત સુઆયોજિત પ્લાનિંગ સાથે ગુનાને અંજામ આપતી હતી. આરોપીઓ હંમેશા હેલ્મેટ અને રૂમાલથી ચહેરો ઢાંકી રાખતા. પોલીસને ગેરમાર્ગે દોરવા તેઓ ઘરેથી નીકળતી વખતે અલગ કપડાં પહેરતા અને ગુનો આચરતી વખતે તેની ઉપર બીજા કપડાં ચડાવી લેતા હતા.

ગેંગનો એક સાગરીત વાહનચાલક સાથે ગમે તે બહાને બોલાચાલી કરી તેને વાતોમાં વ્યસ્ત રાખતો હતો. ડ્રાઈવર કે વાહનચાલકનું ધ્યાન ભટકાય તે જ સમયે અન્ય સાગરીતો એલ.એન.કી વડે મોપેડની ડેકી તોડીને અથવા હિરાકણી વડે કારના કાચ તોડીને અંદર પડેલો કિંમતી માલસામાન કે રોકડ રકમ ચોરીને પળવારમાં ફરાર થઈ જતા હતા.

આ કુખ્યાત છારા ગેંગ સામે ગુજરાત અને દિલ્હીમાં મળીને કુલ ૩૦ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. પોલીસના રેકોર્ડ મુજબ આ ગેંગ સામે અમદાવાદના એલિસબ્રિજ, સરખેજ, કૃષ્ણનગર, નવરંગપુરા, રામોલ, સોલા હાઈકોર્ટ, ઓઢવ, બોપલ, નરોડા, શાહીબાગ, વાડજ, રખિયાલ, વસ્ત્રાપુર અને સરદારનગર પોલીસ સ્ટેશનમાં તેમજ અડાલજમાં લૂંટ, ચોરી અને પ્રોહિબિશનના ૨૮ ગુનાઓ નોંધાયા છે. આ ઉપરાંત, આ ગેંગ સામે દિલ્હીના કાશ્મીરી ગેટ પોલીસ સ્ટેશનમાં પણ લૂંટ, ધાડ, ગુનાહિત કાવતરું અને આર્મ્સ એક્ટ હેઠળના ૨ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ તમામ ગુનાઓનો લાંબો ઈતિહાસ જોતા પોલીસે આકરી કાર્યવાહી કરી છે.

# ગાંધીનગર ઉદ્યોગ ભવનના ક્લાસ ટુ અધિકારીએ પાંચ લાખની લાંચ માગી, એસીબીએ ઝડપ્યો

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા.૧૮

પાટનગર ગાંધીનગરમાં લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (એસીબી) દ્વારા એક સફળ ઓપરેશન પાર પાડીને વર્ગ-૨ કક્ષાના મોટા અધિકારીને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. ગાંધીનગરના ઉદ્યોગ ભવનમાં છઠ્ઠા માળે આસિસ્ટન્ટ ઈલેક્ટ્રિકલ ઈન્સપેક્ટર (વર્ગ-૨) તરીકે ફરજ બજાવતા મનીષકુમાર રાવલ નામનો અધિકારી ઘ-૨ સર્કલ પાસે જાહેર રોડ પરથી લાંચ સ્વીકારતા એસીબીના સકંજામાં આવી ગયા છે. આ હાઈપ્રોફાઈલ ટ્રેપને અમદાવાદ શહેર એસીબીની ટીમે સફળતાપૂર્વક અંજામ આપ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, પેસિવ ફાયર સિસ્ટમના પ્રમાણપત્રને માન્ય રાખવા અને તે અંગેનું ન વાંધા પ્રમાણપત્ર (એનઓસી) ઈશ્યુ કરવા માટે અધિકારી મનીષકુમાર રાવલે ફરિયાદી પાસે રૂપિયા કુલ રૂ. ૫ લાખની મસમોટી લાંચની માંગણી કરી હતી. ફરિયાદી આટલી મોટી રકમ એકસાથે આપવા સક્ષમ ન હોવાથી, તેમણે હપતામાં રકમ ચૂકવવાનો સોદો કર્યો હતો. ફરિયાદી લાંચ આપવા ન માંગતા હોવાથી તેમણે આ અંગે અમદાવાદ એસીબીનો સંપર્ક કર્યો હતો.

ફરિયાદીની વિગતોના આધારે એસીબીની ટીમે ગાંધીનગરના ઘ-૨ સર્કલ પાસે એક ખાસ છટકું ગોઠવ્યું હતું. સોદા મુજબ જ્યારે ફરિયાદી લાંચની રકમનો પહેલો હપતો એટલે કે રૂ. ૫૦ હજાર આપવા પહોંચ્યા અને અધિકારી મનીષકુમાર રાવલે એ રકમ સ્વીકારી, ત્યારે જ ટાંપીને બેઠેલી એસીબીની ટીમે તેને જાહેર રોડ પરથી જ રંગેહાથ દબોચી લીધો હતો. એસીબીએ લાંચની સ્વીકારેલી રૂ. ૫૦ હજારની રોકડ રકમ જપ્ત કરી છે, અને ભ્રષ્ટાચારી અધિકારી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નિકોલમાં જ્વેલર્સને ત્યાંથી એક કિલોથી વધુના સોનાના દાગીના ચોરનાર સેલ્સ ગર્લ પકડાઈ

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા.૧૮

અમદાવાદના નિકોલ સ્થિત આભૂષણ ગોલ્ડ એન્ડ સિલ્વર જ્વેલર્સના શોરૂમમાંથી કરોડોના દાગીના ચોરનાર સેલ્સ ગર્લને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદમાંથી પકડી લીધી છે. યુવતીએ યોજનાબદ્ધ રીતે રૂ. ૧.૧૧ કરોડ રૂપિયાની કિંમતના દાગીના પોતે જ્યાં કામ કરતી હતી તે શોરૂમમાંથી જ તફડાવ્યા હતા. જ્વેલર્સ દ્વારા હાથ ધરાતા દરરોજના સ્ટોક વેરિફિકેશનમાં આ સમગ્ર ચોરીનો ભાંડાફોડ થયો હતો અને સેલ્સગર્લ હર્ષિદા શેટ્ટી વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસે હાલમાં દાગીના ચોરનાર યુવતી અને તેના પ્રેમી બન્નેની ધરપકડ કરી લીધી છે.

નિકોલ વિસ્તારના અનમોલ સર્કલ પાસે આવેલા ગ્રેવિટી શોપિંગ મોલમાં આભૂષણ ગોલ્ડ નામના જ્વેલર્સના શો-રૂમમાં કામ કરતી હર્ષિદા શેટ્ટીએ પોતાની બેસવાની જગ્યાએ રહેલા કબાટમાંથી સોનાની ચેઈનો, વીંટી, બંગડીઓ, મંગળસૂત્ર, પેન્ડેન્ટ, સોનાની ઘડિયાળ સહિત કિંમતી ઘરેણાની ચોરી કરી હતી. ૧૨૧૧.૯૯૧ (એક કિલો ૨૧૨ ગ્રામ) સોનાની વસ્તુઓ ચોરાઈ હતી જેની કુલ કિંમત રૂ. ૧.૧૧ કરોડ હોવાનું જણાયું છે. શો-રૂમના માલિક દર્શનભાઈ શાહે સાંજે સ્ટોક ચેક કરતી વખતે મોટી ગરબડ જણાતા હર્ષિદા અંગે પૂછપરછ કરી હતી. બાદમાં તે વહેલી જતી રહી હોવાનું જણાતા સીસીટીવી ફૂટેજની તપાસ કરતા તેણે જ ચોરી કરી હોવાનું ખુલ્યું હતું. નિકોલ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ એનાલિસિસ અને સીસીટીવી ફૂટેજના આધારે આરોપી હર્ષિદાને અમદાવાદમાંથી જ ઝડપી પાડી હતી.

બીજતરફ આ કરોડોની ચોરીના સમગ્ર કાવતરામાં હર્ષિદાના પ્રેમીની પણ સક્રિય સંડોવણી હતી. બંનેએ મળીને જ અગાઉથી નક્કી કર્યા મુજબ એક-એક કરીને દાગીના ગાયબ કર્યા હોવાની આશંકા છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું કે, અમે બાતમીના આધારે હર્ષિદાને અમદાવાદથી પકડી લીધી છે, જે સારી લાઈફ જીવવાની લાલચમાં ચોરી કરીને પોતાના પ્રેમી સાથે દિલ્હી અને ઋષિકેશ ફરતી હતી. તેનો પ્રેમી અમદાવાદમાં જ પ્રિન્ટિંગ મશીનનું કામ કરે છે. પોલીસે બન્નેના એકાઉન્ટ તથા કોલ ડિટેઈલ રેકોર્ડની ચકાસણી મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# યુવતીને ઓનલાઈન ફૂટ મંગાવવું ભારે પડ્યું, રૂ. ૭૫ હજાર ગુમાવ્યા

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા.૧૮

અમદાવાદમાં મણીનગર ખાતે રહેતી યુવતીને ઓનલાઈન ફ્રુટ ઓર્ડર મંગાવવાનું ભારે પડ્યું છે. ફ્રુટના ઓર્ડરમાં વિલંબ થતા તેણે ગૂગલ પરથી નંબર સર્ચ કર્યો હતો. થોડીવારમાં અજાણ્યા શખસનો ફોન આવ્યો હતો અને ગૂગલ પર નંબર સર્ચ અંગે પૂછપરછ કરી હતી. તેણે યુવતીને તમારા ઓર્ડર પર રિફંડ મળશે તેમ જણાવી ગૂગલ પ્લે સ્ટોરમાંથી એપ અને ફાઈલ મોકલી ડાઉનલોડ કરાવીને રૂ ૭૫,૦૦૦ ઓળવી લીધા હતા. આ બાબતે યુવતીએ મણીનગર પોલીસ મથકે સાયબર ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ મણિનગરમાં સંસ્કારદીપ ફ્લેટ શ્રીજી હાઈટ્સ સ્વામીનારાયણ કોલોની પાસે રહેતી ૨૫ વર્ષીય યુવતી આકંક્ષા અરૂમકુમાર શુક્લાએ જીયો માર્ટ પરથી ૧૦મી મેએ ફ્રુટનો ઓર્ડર કર્યો હતો. ઓર્ડર સમયસર ના આવતા ગૂગલ પરથી હેલ્પલાઈન નંબર સર્ચ કર્યો હતો. થોડીવાર પછી કોઈ નંબર પરથી અજાયણા શખસે ફોન કરી આકાંક્ષાને જણાવ્યું કે, તમારો જીયો માર્ટનો ઓર્ડરમાં વિલંબ થયો છે તે બદલ તમને તમારા રૂ. ૧૦૧નું રિફંડ મળી જશે. પ્લે સ્ટોરમાંથી હેલ્પ ડેસ્ક એપ્લિકેશન ડાઉનલોડ કરો અને હું તમને ફાઈલ મોલું તે ઓપન કરશો.

યુવતીએ ફોન કરનાર શખસે જણાવ્યા મુજબ એપ ડાઉનલોડ કરી તથા ફાઈલ પણ ડાઉનલોડ કરી તો ફોન હેક થઈ ગયો હતો. પાંચેક મિનિટ પછી મોબાઈલ ફરી ચાલવા લાગ્યો હતો અને યુવતીના એકાઉન્ટમાંથી પૈસા કપાયાનો ટેક્સ્ટ મેસેજ પણ મળ્યો હતો.

# આનંદનગરમાં સાતમાં માળેથી ઝંપલાવીને મહિલાનો આપઘાત

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા.૧૮

અમદાવાદના આનંદનગર વિસ્તારમાં એક બહુમાળી બિલ્ડિંગના સાતમાં માળેથી મહિલાએ પડતું મૂકીને આપઘાત કરી લીધો હોવાની ઘટના સામે આવી છે. આધેડ મહિલાની આત્મહત્યા પાછળ લાંબી માંદગીનું કારણ જવાબદાર હોવાનું પોલીસ માની રહી છે. આનંદનગર ખાતેના શુભ દર્શન ટાવરમાં સાતમાં માળેથી કૂદીને સીમાબેન દવે (૩.૪૮) નામની મહિલાએ આપઘાત કર્યો છે. પોલીસના જણાવ્યા મુજબ આ મહિલા માનસિક રીતે બીમાર હતી અને એક સ્યુસાઈડ નોટ પણ લખીને ગઈ છે, જેમાં તેણે સ્પષ્ટ લખ્યું છે કે તેના મોત માટે તેનો પરિવાર કે પતિ કોઈ પણ જવાબદાર નથી. બીમારીથી કંટાળીને આ પગલું ભરી કરી રહી છે.

આ ઘટનાને પગલે સેટેલાઈટ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. મહિલા અને તેનો પરિવાર ધંધુકા બાજુના હોવાનું જણાયું છે. મહિલા આનંદનગરની હદમાં રહેતી હતી પરંતુ શુભ દર્શન ટાવરમાં આવીને તેણે આત્મહત્યા શા માટે કરી તે અંગે રહસ્ય છે. હાલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના મતે આપઘાત કરનાર મહિલાના પતિ તેના કેસ પેપર લાવ્યા તેના પરથી જણાયું કે મહિલા લાંબા સમયથી માનસિક બીમાર હતા. પોલીસે મૃત્યુનોંધ રિકવર કરી તેમાં પણ કોઈના પર આરોપ લગાવાયો નથી.

# RTEના પ્રથમ રાઉન્ડ બાદ ૧૨૭૯ બેઠકો ખાલી

અમદાવાદ,તા.૧૮

ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો પણ ખાનગી શાળામાં અભ્યાસ કરી શકે તે માટે ઈ્ઈ પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. અમદાવાદની જો વાત કરવામાં આવે તો અમદાવાદ શહેરમાં પ્રથમ રાઉન્ડ બાદ ૧૨૭૯ બેઠકો ખાલી રહી છે. જે માટે આગામી દિવસોમાં બીજા રાઉન્ડ માટે પ્રવેશ પ્રક્રિયાની જાહેરાત થશે. બીજી તરફ ઈ્ઈમાં પ્રવેશ બાદ વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ કરતી શાળાઓને અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ કોઈપણ ભેદભાવ નહીં કરવા તાકીદ કરી છે. નહીં તો જે તે શાળા સંચાલક સામે કાર્યવાહી થશે.

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ રાખનાર શાળા સંચાલકો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા ઉચ્ચારવામાં આવી છે. DEO કચેરી દ્વારા ખાનગી શાળાના સંચાલકોને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે ગરીબ અને મધ્યમ વર્ગના વાલીઓ પાસેથી 'અધર એક્ટિવિટી'ના નામે ફી લેવા માટે દબાણ ન કરવામાં આવે. પાછલા કેટલાક દિવસો દરમિયાન એવા ત્રણથી ચાર કિસ્સા સામે આવ્યા છે. જેમાં શાળાઓ દ્વારા વાલીઓને વધારાની ફી એક્ટિવિટીના નામે અથવા તો અન્ય બાબતોને આગળ ધરીને માંગવામાં આવી હતી. જેના કારણે વાલીઓ પ્રવેશ લેવાથી અટવાયા હતા.

જોકે કચેરીનો દાવો છે કે આવા કિસ્સામાં શાળાઓને મૌખિક સૂચના આપ્યા બાદ તેનો નિવેડો આવ્યો હતો. અમદાવાદ શહેરમાં ઈ્ઈ પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડ બાદ ૧૨૭૯ બેઠકો ખાલી રહી છે. આ વર્ષે RTE હેઠળ કુલ ૧૪,૨૨૧ બેઠકો સામે ૩૮,૩૩૩ ફોર્મ ભરાયા હતા, જે દર્શાવે છે કે RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે વાલીઓમાં ભારે ઉત્સાહ છે. પ્રથમ રાઉન્ડ બાદ કુલ ૧૩,૬૫૨ વિદ્યાર્થીઓનો પ્રવેશ કન્ફર્મ થયો છે. જોકે, ૭૧૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડમાં ફાળવવામાં આવેલી શાળાઓમાં પ્રવેશ લીધો નથી. વિદ્યાર્થીઓ બાબતે પણ તપાસ કરવામાં આવી રહી છે કચેરી દ્વારા વાલીઓ માટે એ પણ વિનંતી કરવામાં આવી છે કે જો કોઈ શાળામાં વધારાની ફી અથવા તો અન્ય એક્ટિવિટીના નામે પૈસાની માંગણી કરવામાં આવે તો કચેરીનો સંપર્ક કરવામાં આવે.

મહત્ત્વનું છે કે, પાછલા કેટલાક વર્ષોમાં કેટલીક શાળાઓ RTEના વિદ્યાર્થીઓને અલગ બેસાડતી હોવાની કે તેવા બાળકોને સવારની જગ્યાએ બપોર પાળી આપતી હોવાની ફરિયાદો મળી હતી જેના પગલે અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ ઈ્ઈ પ્રવેશ પ્રક્રિયાના પ્રારંભે જ કડક આદેશ કર્યા છે.

# ગાંધીનગરમાં પિત્ઝામાંથી નીકળ્યો વંદો

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા. ૧૮

તાજેતરમાં અમદાવાદમાં પાણીપુરીમાંથી હાડકુ નીકળ્યું હોવાની ઘટના સામે આવી હતી ત્યારે આજે ગાંધીનગરમાં જાણીતી ફૂડચેઈન ટેકાનોવાસ પિત્ઝામાંથી વંદન નીકળ્યો હોવાની ઘટના બહાર આવી છે. અહીં એક ગ્રાહક પિત્ઝા ખાવા ગયો હતો જેમાંથી મરેલો વંદો નીકળ્યો હતો. ડિસ્કાઉન્ટ અને આકર્ષક ઓફર્સની ગ્રાહકોની સાથે થતા વિશ્વાસઘાતનો આ જીવતોજાગતો પૂરાવો છે.

હાલમાં તો આ વીડિયો વાયરલ થયા બાદ ગાંધીનગરના શહેરીજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને તંત્ર દ્વારા આ આઉટલેટને તાત્કાલિક સીલ કરવામાં આવે તેવી પ્રબળ માગ ઉઠી છે.